॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ આત્મસાક્ષાત્કાર સર્વોત્તમ છે ॥

સંત નામદેવ વિઠોબાને જોઈ શકતા, એમની સાથે વાત કરતા. એમના સમયનો મોટો ભાગ મંદિરમાં વિઠોબા સાથે ગાળતા. એક દિવસ એમણે વિઠોબાને કહ્યું; 'આપ ઈશ્વર છો. હું આપની સાથે વાત કરું છું મનુષ્યે આનાથી વધારે શું મેળવવાનું હોય ?' ત્યારે વિઠોબાએ કહ્યું; 'એ સંતો જાણે છે.' ત્યારે નામદેવે કહ્યું; 'આપના કરતાં પણ વધારે સત્ય હોય તો મને જણાવો.' ત્યારે વિઠોબાએ તેમને વનમાં એક ભિક્ષુ સંતને મળી સત્ય જાણવા સૂચવ્યું.

નામદેવ વિઠોબાએ કહેલા સંતને મળવા ગયા. એ નિર્વસ્ત્ર, મેલાઘેલા હતા અને શિવલિંગ પર પગ રાખીને સૂતા હતા. નામદેવને તેમના સંતત્વ વિશે સંશય થયો. ત્યારે એ સંતે સ્મિત કરતાં કહ્યું; 'તમને વિઠોબાએ અહીં મોકલ્યા ?' આ સાંભળી, તેમની મહાનતામાં નામદેવને વિશ્વાસ બેઠો. તેમણે પૂછ્યું; 'આપ સંત છો તો આપ આ લિંગને ભ્રષ્ટ કેમ કરો છો ?' સંતે જવાબ આપ્યો; 'ખરેખર, યોગ્ય વર્તન કરવા માટે હું ખૂબ વૃદ્ધ અને અશક્ત બની ગયો છું. મહેરબાની કરી મારા પગ ઉઠાવીને જ્યાં લિંગ ન હોય ત્યાં મૂકો.' નામદેવે સંતના પગ ઉઠાવીને બીજી જગાએ મૂક્યા પણ ત્યાં નીચે લિંગ દેખાયું. જ્યાં જ્યાં સંતના પગ મૂકવામાં આવ્યા ત્યાં ત્યાં નીચે લિંગ દેખાયું. આખરે નામદેવે સંતના ચરણ પોતાના ઉપર મૂક્યા, તો પોતે લિંગમાં ફેરવાઈ ગયા. ત્યારે નામદેવ સમજ્યા કે ઈશ્વર સર્વવ્યાપક છે.

નામદેવ ઘરે પાછા ફર્યા પણ દિવસો સુધી મંદિરે ન ગયા. વિઠોબા એમને ઘરે મળવા આવ્યા અને પૂછ્યું કે; 'હવે તમે મંદિરમાં ભગવાનનાં દર્શન માટે કેમ આવતા નથી ?' નામદેવે કહ્યું; 'એવું કોઈ સ્થાન છે જ્યાં ભગવાન ન હોય ?'

કથાનો બોધ સ્પષ્ટ છે. 'ઈશ્વરદર્શનનું સ્થાન આત્મસાક્ષાત્કારથી નીચેની ભૂમિકાએ છે.'

**—વાર્તાલાપ**

**(શ્રી રમણ મહર્ષિ સાથે) (અનુવાદક : શ્રી રામકૃષ્ણ વ્યાસ)**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥

॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## આ અંકની વિશેષતા

## ॥ પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરીનો દીક્ષાદિન ॥

(તા.૧૯ જાન્યુઆરી, ૧૯૭૯)

પરમ પૂજ્ય શ્રી 'મા'ના અનન્ય ગુરુપ્રેમે 'એક સત્ય' સિદ્ધ કરી આપ્યું છે : 'તમે જ્યારે મંદિરમાં પ્રાર્થના કરો છો એ જ પ્રાર્થના નથી. પણ પ્રભુની કરુણા અનુભવ્યા પછી કૃતજ્ઞતાભાવ એવો પ્રગટે કે, તમારું આખું અસ્તિત્વ મંદિર બની જાય. તમે જેને સ્પર્શો એ પ્રાર્થના બની જાય, પ્રણામ બની જાય, મંત્ર જપ બની જાય, સાધના બની જાય. તમે જે કંઈ કરો એ પ્રાર્થનાપૂર્ણ થઈ જાય. તમે પૂરેપૂરા અંતર્નિહિત થાઓ. કરુણામાં ઊંડા ને ઊંડા વહો, પ્રેમથી રોમેરોમ સ્પંદિત થઈ જાય. અરે ! તમે સ્વયં જ પ્રાર્થના થઈ જાઓ, પ્રાર્થનાથી અતિરિક્ત કશું બચે જ નહિ.'



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રી યોગેશ્વરકથામૃત | પૂ. શ્રી 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | કલ્પવૃક્ષ છે કેવું મજાનું ! | " | ૭ |
| ૩. | દીક્ષાનું સ્વરૂપ | સંકલન | ૯ |
| ૪. | સાચી દીક્ષા | શ્રી મહેશ દવે | ૧૦ |
| ૫. | ગુરુનું મૌન અત્યંત કાર્યસાધક | સંપાદન | ૧૧ |
| ૬. | 'મા' પર્વ-પ્રકાશપર્વ | શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૧૩ |
| ૭. | 'મા' પર્વ | શ્રી જયશ્રી ભક્ત | ૧૫ |
| ૮. | The Beauty of Swargarohan & Gangaji in Maa's Presence | શ્રી હિતેશ લાડ | ૨૭ |
| ૯. | ગંગાજીના શ્રીઅંકે પૂ.શ્રી'મા'નો પ્રાગટ્યોત્સવ | શ્રી મયૂરી ટેલર | ૩૩ |
| ૧૦. | Devprayag-Satkarm(16,NoV.2021) | શ્રી ગાર્ગી ભક્ત | ૩૮ |
| ૧૧. | સંસારમાં રહીને આત્મિક ઉન્નતિ | શ્રી યોગેશ્વરજી | ૪૧ |
| ૧૨. | પુરુષાર્થ | " | ૪૩ |
| ૧૩. | કાશીમાં મરણ | " | ૪૫ |
| ૧૪. | ઈશ્વર-ધ્યાન માટે શું કરવું જોઈએ ? | " | ૪૭ |
| ૧૫. | સમાધિપ્રાપ્તિનો અકસીર માર્ગ | " | ૪૮ |
| ૧૬. | મૂર્તિપૂજા | " | ૫૦ |
| ૧૭. | સાવિત્રી પ્રવેશિકા : એક પરિચય | શ્રી દિલીપ શાહ | ૫૧ |
| ૧૮. | અણીના સમયે સહાય | શ્રી હરિભાઈ ભોજાણી | ૫૪ |
| ૧૯. | પ્રભુ સાથે વાતો | શ્રી માલતીબેન | ૫૭ |
| ૨૦. | ભક્તને સ્મરી તેનું સંકટ દૂર કર્યું | શ્રી જ્યોતિબેન | ૫૭ |
| ૨૧. | મળતાં મળી ગઈ મંત્રદીક્ષા | શ્રી કૌમુદિની મહેતા | ૫૮ |
| ૨૨. | પ્રાર્થનાનો પ્રત્યુત્તર 'મા' આપે જ છે | શ્રી સોનલ કાકા | ૫૯ |
| ૨૩. | અમે અક્ષરદેહે ત્યાં આવી જ ગયાં છીએ | શ્રી શકુંતલાબેન | ૬૦ |
| ૨૪. | ટેવ દૂષણ નહિ ભૂષણ પણ બને | શ્રી નીલાબેન કોટક | ૬૦ |
| ૨૫. | સરળ 'મા'નો સહજ પ્રેમ | શ્રી બીજલ ભટ્ટ | ૬૧ |
| ૨૬. | મારી નિત્ય આરતીમાં સોહતાં 'મા' | શ્રી અંજનાબેન | ૬૨ |
| ૨૭. | પૂ.શ્રી'મા'નો પત્ર : દીવાદાંડીરૂપ | શ્રી સ્તુતિબેન | ૬૨ |
| ૨૮. | પૂ.શ્રી'મા'ની અસીમ કૃપા | અનામી | ૬૩ |
| ૨૯. | સર્વત્ર પરમાત્મદર્શન | શ્રી પૂર્ણિમાબેન | ૬૪ |

## **નિવેદન** : 'મા' એટલે પરમાત્માનું મંગલમય જયગાન !

'અંતરંગ આરાધના'નો આધાર લઈ, પરમાત્માને જાણી લઈ, પોતાના વાસ્તવિક સ્વરૂપમાં સ્થિતિ કરી જે કૃતાર્થ બને છે, પોતાનો 'મૂળભૂત મહિમા' અનુભવે છે. એ પછી વ્યર્થ વાદવિવાદ, નિરર્થક શાસ્ત્રચર્ચામાં પડતા નથી. એમને બૌદ્ધિક પ્રતિભા દ્વારા પરમાત્માના મહિમાનું પ્રતિપાદન કરવું પડતું નથી. એમનું સમગ્ર જીવન પરમાત્મામય ! એમની આંખ, મુખમંડળ, અંગ-પ્રત્યંગ, રોમેરોમ એના 'મંગલમય મહિમાનું જયગાન' ગાય છે. સ્વાનુભવસિદ્ધ શ્રદ્ધા એમને શાશ્વત શાંતિથી સંપન્ન કરે છે.

આવાં 'મા'ના સંસર્ગમાં આવનાર પર એમનો ચિરસ્થાયી, પ્રાણવાન પ્રભાવ પડે છે. તેઓશ્રી સર્વાવસ્થાઓમાં સર્વત્ર આત્મનિષ્ઠ રહે છે. નિષ્કામભાવે લોકસંગ્રહની ઉદાત્ત ભાવનાથી પ્રેરાઈને પ્રામાણિક પુરુષાર્થ કરે છે; જે પરમાત્માપ્રેરિત જ હોય છે એવું વારંવાર કબૂલે છે, આમ અખંડ આત્મનિષ્ઠ રહી, અલિપ્ત રહે છે.

આવાં સાચા સંત અવની માટે આશીર્વાદ છે. એમની દ્વારા અનેકનું શ્રેય સધાય છે. અનેકને પ્રેરણા, પ્રકાશ ને પથપ્રદર્શન મળે છે. એ દિવ્ય એકાકી અવસ્થામાં હોવા છતાં એકલપેટા નથી હોતા.

આવાં આત્મતૃપ્તને પ્રકૃતિ અનુકૂળ બને છે. જીવનને ઉદાત્ત-ઉજ્જવળ બનાવવા આવા આત્મજ્ઞાનીની સેવા કરી, કૃપાપ્રસાદ પામવો. જે મહામાનવ અખિલ અવનીના અલંકારરૂપ છે. એના ગુણ ગાઈએ એટલે ઓછા !

ગીતાકારના શબ્દોમાં કહીએ તો 'આત્મસંતુષ્ટને કંઈ જ કાર્ય કરવાનું રહેતું નથી.' છતાં જેમ સૂર્યને કંઈ કરવાપણું નથી તોય સમસ્ત સૃષ્ટિમાં તે ચેતન પ્રેરે છે. તેમ 'મા' જેવા સંત પોતે કંઈ કરતા નથી પણ એમના સમાગમમાં જે આવે છે, તેનામાં રહેલી 'સુપ્ત શક્તિ' એકાએક જાગ્રત થઈ જાય છે, અને એ શક્તિની પ્રેરણાથી કંઈ કેટલીય 'સત્પ્રવૃત્તિઓને વેગ' મળે છે. આવાં નિરાડંબરી, પ્રસિદ્ધિવિમુખ, શાંત, પ્રભુમય વૃત્તિવાળાં 'મા'ને કોટિ કોટિ નમન ! પ્રણામ !



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૯૭

**તા. ૨૧-૨-૮૩, સોમવાર, ફાગણ સુદ આઠમ ૨૦૩૯ ડરબન શહેર**

નિયમિત જ ઊઠવાની ટેવ, એટલે પૂ.શ્રી સમયસર જાગી જ જાય. સ્નાન ને વ્યાયામ કરીને મંત્રજપ કરે. સાત વાગ્યે કલમ ચાલુ થઈ જાય. સાડા નવ સુધી કલમ ચાલુ જ રહે. વચ્ચે બે મિનિટ માટે લેખનની બેઠક ઉપર જ દૂધ પીવાનું બને. આજે પણ એ જ ક્રમ રહ્યો.

આજેય લેખન બાદ પૂ.શ્રી જપ કરતાં કરતાં આરામ કરે છે.

ભોજનમાં શું બનાવવું એમ મેં ઈશારાથી પૂછ્યું તો ભાખરી ને શાક બનાવો એમ પૂ.શ્રીએ કહ્યું. આજકાલ પૂ.શ્રીને ભાખરી ભાવી ગઈ છે. આજે પણ ભાખરી ને શાકનું ભોજન બનશે.

અગિયાર વાગ્યે નિત્યક્રમમાંથી નિવૃત્ત થઈ રસોડામાં જવાનું બને છે. આજે મારે મૌન છે. એટલે જરૂર જેટલું લખીને કામ ચાલે છે.

ભોજન પછી બાગમાં દશબાર આંટા મારવાનું બને છે, જ્યાં થોડી વાતો થાય છે.

રિઝર્વહીલમાં આજથી સાંજના 'રામાયણ' ઉપર અંગ્રેજી-હિન્દીમાં પ્રવચનોનો આરંભ થશે. ધ્યાનની સમૂહ બેઠક શરૂ થઈ. પછી, પ્રવચન માટે સાડા સાત વાગ્યે અહીંથી પાંચ જ મિનિટના માર્ગે હૉલમાં જવાનું બન્યું.

શરૂઆતમાં ફૂલહારથી સ્વાગત થયું. પ્રવચન સરસ થયું. પ્રવચન બાદ મેં કેવટપ્રસંગ ગાઈ સંભળાવ્યો.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવ્યાં. ફળ-દૂધ લઈ આરામ કર્યો.

**હરિઃૐ**

**—પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**

# ॥ કલ્પવૃક્ષ છે કેવું મજાનું ! ॥

કલ્પવૃક્ષ છે કેવું મજાનું, શ્યામ સખાએ એને બનાવ્યું.
છાયામાં એની કોક પ્રવેશતું, મનગમતું દઈ દેતું,
સ્મરે તેની સામે ઊભું, સૌની વાટ એ જોતું.
એકાંતપર્વનું મંગલ ટાણું, માગ્યા વિના એ ધરતું.
ચારે દિશાથી સુખનું ગાણું, શાંતિ સાથે સંભળાતું.
સર્વ સુવિધા નિત એ ધરતું, સેવામાં સૌની ઊભું.
સૂક્ષ્મ અલૌકિક રૂપ છે ન્યારું, ઘરઆંગણિયે ઊભું.
કલ્પવૃક્ષના અંકે રમતું, સર્વેશ્વરીનું જીવન કેવું.
દેવોને પણ દુર્લભ એવું, માગીને માણવા જેવું.

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

### ॥ પદપરિચય ॥

'કલ્પવૃક્ષ' એટલે સ્વર્ગનું એક કાલ્પનિક વૃક્ષ, જે એની નીચે બેસનારની સર્વ ઇચ્છાને સંતોષે છે, બીજી રીતે કહીએ તો ઇચ્છાઓ પરિપૂર્ણ કરનારું વૃક્ષ.

પૂ.શ્રી'મા'એ કલ્પવૃક્ષને કેન્દ્રમાં રાખીને એક અભૂતપૂર્વ પદની રચના કરે છે.

કાવ્યનો પ્રારંભ 'કલ્પવૃક્ષ કેવું મજાનું છે !' કેવું સુંદર છે ! એમ આનંદોદ્‌ગારથી કરી, એના રચયિતા 'શ્યામસખા' છે એમ કહી, કૃતિની સાથે કર્તાનું માહાત્મ્ય કરે છે.

પછી તો પૂ.શ્રી'મા'ની શ્રીકલમે કલ્પવૃક્ષનો મહિમા સળંગ પાંચ પંક્તિઓમાં વર્ણવાય છે. આ વૃક્ષની છાયામાં જે પ્રવેશે એને મનગમતું-મનોવાંછિત એ આપી દે છે. તમે વૃક્ષ સુધી ન પહોંચો, કેવળ એનું સ્મરણ કરો તોય પ્રત્યક્ષ ઊભું રહી જાય ! એ સ્વયં સર્વની પ્રતીક્ષામાં હોય છે. તમે ન માગો તો પણ એ તમને એની સંનિધિથી એકાંતપર્વનું મંગલ ટાણું, શુભ અવસર ધરી રહે છે; એટલું જ નહિ ચોદિશે એક સુખ-પ્રસન્નતાનું ગાન શાંતિ સાથે (અર્થાત્ બધા અન્ય ઉધામા-અશાન્તિને હરી લે છે.) સંભળાય છે. ટૂંકમાં, સર્વ પ્રકારની સુવિધા એ હંમેશ ધરે છે, સૌની સેવામાં ખડેપગે રહે છે.

કલ્પવૃક્ષનો આ પ્રભાવ, આ હેરત પમાડનારી કામગીરી સ્થૂળરૂપે નહિ જણાય કેમકે એનું સ્વરૂપ સૂક્ષ્મ, અલૌકિક, કંઈક



અલગ જ છે ! છતાં એ ઘરઆંગણે જ આવી ઊભું છે. અર્થાત્ જો એના પ્રભાવને અનુભવી શકો, તો એ હાજર જ છે.

પૂ.શ્રી'મા' કહે છે; છેવટે કહી જ દે છે : 'સર્વેશ્વરીનું પોતાનું જીવન કલ્પવૃક્ષના અંકે જ સતત રમ્યા કરે છે, રમણ કરે છે, અર્થાત્ સર્વપ્રકારની સુવિધા શાન્તિ, મનોવાંછિત સુખની લહાણ કરતું, એ સામે-સાક્ષાત્ સર્વદા ખડું જ છે !'

આ કલ્પવૃક્ષની આવી દેન કદાચ દેવોને પણ દુર્લભ છે.

પોતાને કલ્પવૃક્ષની સદાની છાંય મળી ગઈ છે. સર્વ પ્રકારની ઇચ્છિત સુખ-શાંતિ-સગવડ-સુવિધાથી એ સજ્જ છે, અત્યંત સુલભ ઘરઆંગણિયે સામે જ ખડું છે જે દેવોને પણ દુર્લભ છે, એવું પૂ.શ્રી'મા'નું જીવન માગી-માણવા જેવું છે. કદાચ તમને આવું કોઈ કલ્પવૃક્ષ લાધી જાય તો, એની નીચે ઊભા રહી, 'મા' સર્વેશ્વરી જેવું જીવન માગજો, એની સ્પૃહા કરજો, જેમાં આનંદ જ આનંદ, પ્રસન્નતા જ પ્રસન્નતા, પરિપૂર્ણતા, પરિપૂર્ણતા જ છે. માનવજીવનને, મનુષ્યજન્મને સાર્થક, ધન્ય કરી દેનાર આ કલ્પવૃક્ષ પૂ.શ્રી 'મા'ને મળ્યું છે, એનો યશ એને સર્જનાર શ્યામ સખાને છે.

શ્યામ સખા, સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી, પરમકૃપાળુ પરમાત્માએ સ્વયં બનાવેલું 'કલ્પવૃક્ષ' પ્રાપ્ત કરી, પૂ.શ્રી'મા' ધન્ય થયાં છે, એ ધન્યતા એ સર્વ ભક્તોમાં વહેંચવા આતુર છે.

પોતાને જે અનુભૂતિ પ્રાપ્ત થઈ એનો પ્રસાદ સર્વ ભક્તો સુધી પહોંચે એ માટે કાવ્યમાં છેલ્લે અનુરોધ કરી રહે છે.

તમે કલ્પવૃક્ષની છાયામાં આવી જાઓ તો પૂ.શ્રી'મા'નું જીવન જ માગી લેજો પછી બીજા કશાની જરૂર નહિ રહે; એ માણવામાં આનંદ, પરમાનંદ વળી રહેશે.

આ કાવ્યાન્તે આવતું સૂચન છે કે, પૂ.શ્રી'મા' શ્યામસખાએ બનાવેલું કલ્પવૃક્ષ મેળવી ધન્ય બન્યાં, તમે 'મા'નું જીવન માગી લેશો; પછી કોઈ સુખને તેડું કરવાનું નહિ રહે. સર્વ સુખ-શાંતિ-સુવિધા એમાંથી સહજ મળી રહેશે.

પૂ.શ્રી'મા' માટે કાલ્પનિક કલ્પવૃક્ષ તો ઘરઆંગણિયે આવી ઊભેલું જ્યારે આપણે માટે તો હૃદયઆંગણિયે જ હરહંમેશ જીવંત 'મા' સ્વરૂપે એ કલ્પવૃક્ષ આઠે પહર હાજરાહજૂર છે !

# ॥ દીક્ષાનું સ્વરૂપ ॥

'આધ્યાત્મિક શક્તિ' જેનામાંથી સંચરે તે 'ગુરુ'. અને જેનામાં એ ગ્રહણ કરવાની શક્તિ છે એ 'શિષ્ય'.

૧૯ જાન્યુ.૧૯૭૯માં શ્રીશૈલ પર્વત પર મલ્લિકાર્જુનના મંદિરમાં પૂજ્યશ્રી'મા'ને વગર માગ્યે 'દીક્ષા' મળી. એ 'અલૌકિક દીક્ષાનું સ્વરૂપ' સ્પષ્ટ કરતાં પરમ પૂજ્યશ્રી યોગેશ્વરજી કહે છે તેમ; 'એમના સંસ્કારોનો સમુદય થવાથી એમને કોઈપણ પ્રકારના પૂર્વસંકલ્પ કે પૂર્વયોજના વિના દીક્ષા આપવાનો અવસર ઉપસ્થિત થયો.'

પરમ પૂજ્યશ્રી'મા' પોતાની 'આત્મિક અવસ્થા' વિશે લખે છે : **'**હરિ અદૃષ્ટ છતાં કાર્યશીલ, ક્રિયાપ્રવૃત્ત. ક્યાંય મુશ્કેલી ન પડે. શ્રેષ્ઠ કર્તવ્ય કરાવે, હજાર હાથે સંભાળે. મૌન સાથ સતત રહે. 'ક્ષણિક દિવ્ય દર્શન' કરતાં આ સતત પ્રતીતિ શ્રેષ્ઠ. સ્વરૂપદર્શન શ્રેષ્ઠ. એ પ્રત્યક્ષ છે, પરમ સમર્થ છે. ફૂલમાં સુગંધ, ફળની મીઠાશ જોવા નહિ, અનુભવવા મળે છે. તો એ જ નિયમ જે પ્રગટ છે, પ્રત્યક્ષ છે એ અનુભવવા ભૂમિકા બાંધવી પડે.

શ્રીહરિ 'મા'ની સૂકલકડી કાયામાં પ્રવેશી ગયો છે. એ નજરે ન આવ્યો. માળા-શંખનાદ ન કર્યો. ચૂપચાપ પેસી-પ્રસરી ગયો છે. પડાવ નાખ્યો છે. રોમેરોમમાં પથરાઈ ગયો છે. તેની જ પ્રતિચ્છબી જાણે આ શરીર ! દરેક ક્રિયા, દરેક વિચારમાં એની જ પ્રતિચ્છબી. સર્વ અવસ્થામાં એ અમૃતપ્યાલી ધરતો રહ્યો છે. અદ્‌ભુત પ્રભુ ! તને કોટિ કોટિ પ્રણામ.

જીવ અનંત યોનિઓમાં અનંત વાર વિસ્મરણ કરે છે. પણ અનંત જન્મોના પુણ્યે સમાગમ થાય છે; 'ક્ષણવાર'. છતાં 'અખંડ સાન્નિધ્ય'. બધે જ યાત્રા કરે છે; સાથે !**'**

**—સંકલન**



# ॥ સાચી દીક્ષા ॥

એક ભક્તે રમણ મહર્ષિને પ્રશ્ન પૂછ્યો, 'મહર્ષિજી માણસને ક્યાંકથી અચાનક જ અછડતો મંત્ર મળી જાય અને તે મંત્રનો એ જાપ કર્યા કરે તો તેવા રટણથી લાભ થાય કે ?' મહર્ષિએ તરત જ જવાબ આપ્યો : કોઈ લાભ ન થાય. માણસ અધિકારી હોવો જોઈએ, તો જ લાભ થાય. આ વાત સમજાવવા મહર્ષિએ એક કથા કહી :

એકવાર એક રાજા ફરતાં ફરતાં તેમના પ્રધાનના ઘર પાસેથી પસાર થયા. તેમને થયું, 'લાવ, પ્રધાનના ઘરે જાઉં. ઘણા વખતથી તેમને ઘરે ગયો નથી.' આમ વિચારી રાજા પ્રધાનના ઘરમાં પ્રવેશ્યા ને પ્રધાન માટે પૃચ્છા કરી. પ્રધાનના ચાકરે કહ્યું કે પ્રધાનશ્રી મંત્રનો જાપ કરવામાં મગ્ન છે. રાજા રાહ જોઈને બેઠા. થોડીવાર પછી પ્રધાને આવીને રાજાનું અભિવાદન કર્યું ને રાહ જોવડાવવા માટે ક્ષમા માગી. રાજાએ પ્રધાનને પૂછ્યું; 'કયા મંત્રનો જાપ કરતા હતા ?' પ્રધાને જવાબ આપ્યો, 'હું પવિત્રમાં પવિત્ર એવા ગાયત્રીમંત્રનો જપ કરતો હતો.' રાજાએ પ્રધાન સમક્ષ માગણી મૂકી, 'મને ગાયત્રીમંત્ર શિખવાડો.' પ્રધાને નમ્રતાથી કબૂલ કર્યું કે મંત્રની સમજૂતી અને દીક્ષા આપવા માટે તેઓ સમર્થ નહોતા. તે પછી રાજા અન્ય વ્યક્તિ પાસેથી ગાયત્રીમંત્ર શીખી લાવ્યા. તેમણે તે મંત્રનું પ્રધાન સમક્ષ ઉચ્ચારણ કર્યું ને પૂછ્યું, 'મંત્ર બરાબર છે ને ?'

પ્રધાને કહ્યું; 'મંત્રનો પાઠ તો બરાબર છે. પણ તમે મંત્ર બરાબર સમજ્યા છો કે કેમ, તમને મંત્રની દીક્ષા યોગ્ય રીતે મળી છે કે કેમ, તે જણાવવા હું અધિકારી નથી.'

રાજાને પ્રધાનની વાત બરાબર સમજાઈ નહિ. સ્પષ્ટ સમજૂતી આપવા રાજાએ તેમને હુકમ કર્યો. પ્રધાને ત્યાંથી પસાર થતા સિપાઈને રોક્યો અને કહ્યું; 'હે અમલદાર, આ રાજાને ગિરફતાર કર.' સિપાઈએ પ્રધાનની આજ્ઞા માની નહિ. પ્રધાને ફરી ફરી બે-ત્રણ વાર સિપાઈને હુકમ કર્યો પણ સિપાઈએ હુકમનું પાલન ન કર્યું. રાજા ગુસ્સે થયા. તેમણે સિપાઈને હુકમ કર્યો; આ પ્રધાનને પકડ, ને સિપાઈએ તરત જ તેને પકડી લીધો. પ્રધાન હસી પડ્યા. રાજાને કહ્યું; 'જુઓ આજ્ઞા એકસરખી હતી. આજ્ઞાપાલક પણ એનો એ જ હતો. પરંતુ આજ્ઞા કરનાર સત્તાપુરુષ જુદા હતા. મેં હુકમ કર્યો ત્યારે અસર ન થઈ. પાલન ન થયું. પણ તમે હુકમ કર્યો કે તરત પરિણામ આવ્યું. સિપાઈએ તરત હુકમનું પાલન કરી મને ગિરફતાર કર્યો. મંત્રનું પણ એવું જ છે. સાચી સમજણપૂર્વક દીક્ષા મેળવનારને તે પરિણામ આપે. અધિકાર વિના રટણ કરનારને એનાથી કશો ફાયદો ન થાય.'

મંત્રનું ઊંડું રહસ્ય પામવા માટે તેના અધિકારી ગુરુ પાસે દીક્ષા લેવી જોઈએ.

**—'દૃષ્ટાંતકથાઓ' (શ્રી રમણ મહર્ષિ), ભાવાનુવાદ : શ્રી મહેશ દવે**

# ॥ ગુરુનું મૌન અત્યંત કાર્યસાધક ॥

## (સર્વોત્તમ દીક્ષા)

**પ્રશ્ન :** ગુરુ અવિદ્યાના રોગને મટાડવા માટેની દવા જેવા નથી ?

**ઉત્તર :** દવા શા માટે હોય છે ? દર્દીનું મૂળ સ્વાસ્થ્ય પાછું મેળવવા. આ ગુરુ, અનુગ્રહ, ઈશ્વર વગેરેની વાત શું છે ? ગુરુ તમારો હાથ પકડી, તમારા કાનમાં કંઈ કહે છે ? તમે એને તમારા જેવો માનો છો. તમે શરીરવાળા છો એટલે વિચારો છો કે એ પણ એક શરીર છે, જેનાથી તમારી સાથે એ કોઈ વિશિષ્ટ કાર્ય કરશે. એનું કાર્ય અંદર ચાલે છે.

ભક્ત માને છે કે એ એક મનુષ્ય છે અને બે શરીરો વચ્ચે હોય એવો સંબંધ ઈચ્છે છે. પણ ગુરુ આત્મા કે ઈશ્વર છે. જે મનુષ્યને પોતાના વ્યવહારની ભૂલો જોવામાં મદદ કરે છે. એને સન્માર્ગે દોરે છે, જ્યાં સુધી એને અંદર આત્માનુભવ ન થાય.

આવા અનુભવ પછી શિષ્યને લાગે છે કે અગાઉ હું આટલો બધો ચિંતિત હતો. પણ ખરેખર હું આત્મા જ છું, જે અગાઉ પણ હતો.

હવે એણે શું કરવું જોઈએ ? ગુરુના કહેવા મુજબ અંદર કાર્ય કરવું જોઈએ. ગુરુ અંદર અને બહાર બંને બાજુએ છે. તેથી એ બહાર એવી પરિસ્થિતિ પેદા કરે છે, જેથી એને અંદર વાળી શકાય અને તેને કેન્દ્ર તરફ ખેંચવા અંદરની ભૂમિકા તૈયાર કરે છે. આમ એને બહારથી ધક્કો મારે છે અને અંદરથી ખેંચે છે. જેથી તે કેન્દ્રમાં સ્થિર રહી શકે.

સ્વામી વિવેકાનંદ આને 'આધ્યાત્મિકતાનું સંક્રમણ' કહે છે. અહીં સંક્રમણનો અર્થ 'શિષ્યભાવનું ઉન્મૂલન' છે.

એવું નથી કે માણસ અગાઉ કોઈ બીજો હોય અને પાછળથી એનું રૂપાંતર કરવામાં આવ્યું હોય.

**પ્રશ્ન :** દીક્ષા ગુરુએ આપેલી બક્ષિસ નથી ?

**ઉત્તર :** ઈશ્વર, અનુગ્રહ અને સદ્‌ગુરુ પર્યાય છે. આત્મા



પહેલેથી શિષ્યમાં હાજર નથી ? સદ્‌ગુરુ એની દૃષ્ટિથી આત્માનું દાન કરે છે ? જો કોઈ ગુરુ આવું વિચારતો હોય તો સદ્‌ગુરુ કહેવડાવવા લાયક નથી. ગ્રંથોમાં ઘણા પ્રકારની દીક્ષાઓનું વર્ણન છે. હાથથી સ્પર્શીને, દૃષ્ટિથી વગેરે. વળી ગુરુ અગ્નિ, પાણી ને મંત્રોથી વિધિ કરે છે, આવી 'વિચિત્ર પ્રક્રિયાઓ' પણ દીક્ષા કહેવાય છે. જાણે કે ગુરુની આવી પ્રક્રિયાઓ પછી જ શિષ્યમાં પાત્રતા ઉત્પન્ન થતી હોય !

જો વ્યક્તિને ખોળવામાં આવશે તો એ ક્યાંય મળશે નહિ. દક્ષિણામૂર્તિ આવા સદ્‌ગુરુ છે. એમણે શું કર્યું ? જ્યારે શિષ્યો એમની સંમુખ આવ્યા ત્યારે એ મૌન હતા. અને મૌન જ રહ્યા અને શિષ્યોના સંશયો છેદાઈ ગયા. અર્થાત્ એમનું વ્યક્તિત્વ લુપ્ત થઈ ગયું. આ દીક્ષા કે જ્ઞાન છે. એની સાથે જોડાયેલી 'શબ્દજાળ' નહિ.

મૌન સૌથી વધારે શક્તિશાળી કર્મ છે. શાસ્ત્રો ગમે એટલાં વિશાળ અને શબ્દભારવાળાં હોય, કાર્યસાધકતાની દૃષ્ટિએ એ સફળ નથી. ગુરુ મૌન રહે છે અને બધામાં શાંતિ આપોઆપ પ્રતિષ્ઠિત થાય છે. ગુરુનું મૌન બધા શાસ્ત્રો કરતાં વિશાળ અને નિશ્ચયાત્મક રૂપથી કાર્યસાધક છે.

તાયુમાનવર કહે છે : 'હે નાથ, બધા જન્મોમાં મારી સાથે રહીને અને કદીપણ મારો ત્યાગ ન કરીને આખરે આપે મારો ઉદ્ધાર કર્યો.'

શ્રીમદ્ ભગવદ્‌ગીતા આ જ વાત કહે છે : 'આપણે બંને અત્યારે જ નહિ, હંમેશાં એવા રહ્યા છીએ.'

ગુરુ અજ્ઞાનનો નાશ કરવા જ પ્રગટ થાય છે. અર્થાત્ મનુષ્યના અજ્ઞાનનો નાશ કરવા મનુષ્યરૂપે દેખાય છે, જેમ એક જંગલી મૃગને પકડવા બીજા મૃગનો ઉપયોગ કરવામાં આવે છે.

આપણને આપણા ભ્રાન્ત 'હું શરીર છું' એ વિચારથી મુક્ત કરવા એણે શરીરરૂપે દેખાવું પડે છે.

**—સંપાદન (શ્રીરમણ મહર્ષિ સાથે પ્રશ્નોત્તર)**

## ॥ 'મા' પર્વ-પ્રકાશપર્વ ॥

દિવાળીની સાંજે ડૉ.અરુણાબહેન ઠાકરનો ફોન આવ્યો કે 'ગુજરાત'ના દીપોત્સવી અંકમાં પ્રકાશિત તમારો લેખ 'યોગેશ્વર કૃત કથાસાહિત્ય' વાંચી પૂ.'મા' પ્રસન્ન થયાં છે. પછી ધીમેથી બોલ્યાં, કાલે હું અને તરલાબહેન 'મા' પર્વમાં સમ્મિલિત થવા 'સ્વર્ગારોહણ' જવાનાં છીએ. તમને અનુકૂળતા હોય તો અવશ્ય આવો. નેકી ઓર પૂછપૂછ ! બેસતા વર્ષે પૂ.'મા'નાં દર્શન અને આશીર્વાદ સાંપડવાનાં હોય તો મોઢું ધોવા થોડું જવાય ? ફટાક દઈ હા પાડી.

વિક્રમ સંવતના નૂતનવર્ષ ૨૦૭૮ની વહેલી સવારે સારથિ પરેશભાઈ હાજર થઈ ગયા. પૂ.મહાત્માજીની સાધનાસ્થલીએ 'સત્યપથ' તેમનાં દર્શન કરી નીકળ્યાં. થોડો વિલંબ થયો પણ 'સ્વર્ગારોહણ' તો સમયસર પહોંચી જ ગયા. દીપોત્સવી, નૂતન વર્ષ અને 'મા' પર્વનો ત્રિવેણી સંગમ અને દેશ-વિદેશથી એકત્ર થયેલો ભક્ત પરિવાર, પછી ઉત્સવનો આનંદ ઊછળ્યા વિના થોડો રહે ? સેંકડો આબાલવૃદ્ધોના વદન ઉલ્લાસભર સોહી રહ્યાં હતાં ! ઉમંગ-ઉત્સાહના ઓઘ વચ્ચે પણ સંયમની-પુણ્યની પાળ એટલે અરુણાબહેને વરિષ્ઠ સાધક શ્રી હિમાંશુભાઈ પાઠકને મારી સોંપણી કરી દીધી. હિમાંશુભાઈએ છાયાસદૃશ સાદ્યંત સાથ આપ્યો.

પ્રથમ સત્ર સમયસર ભક્તિસંગીતની સુમધુર સુરાવલિ સહિત શરૂ થયું. પૂ.'મા'ની પધરામણી થતાં શ્રોતાસમુદાય પર ઉત્સાહનું મોજું ફરી વળ્યું. નૂતનવર્ષે 'મા' પર્વમાં સમ્મિલિત પ્રત્યેક પરિવારજનને પૂ.'મા'એ પ્રસાદ અને બક્ષિસથી નવાજ્યાં. યોગેશ્વરપરિવારના સહુ સભ્યોએ ધન્યતા અનુભવી. 'મા'ની મૌન વાણી દ્વારા સહુને અંતરના આશિષ સાંપડ્યા.



પૂ.'મા'એ પરા વાણી દ્વારા જે પ્રેમપ્રસાદ પીરસ્યો તેને વૈખરી વાણી દ્વારા વ્યાખ્યાયિત કરવાની મથામણ સાહિત્યની સાધકત્રયી દ્વારા કરવામાં આવી. ડૉ.અરુણાબહેને પ્રસંગોચિત પરિચય આપી પર્વની ભૂમિકા રચી આપી જેને આધાર બનાવી મેં પ્રસ્તાર કર્યો અને તરલાબહેને ઉપસંહાર કર્યો. આ રીતે પ્રથમ સત્ર પૂર્ણ થતાં સર્વ સાધકોએ ભિક્ષાપ્રસાદ ગ્રહણ કર્યો.

સાતઆઠ વર્ષ પૂર્વે પ્રથમવાર જ્યારે સજોડે 'સ્વર્ગારોહણ'ની યાત્રા કરી હતી ત્યારે પણ પૂ.યોગેશ્વરજીનું સ્મૃતિસદન અવલોક્યું હતું. પરંતુ આ વખતે તેનું સંવર્ધિત સુરમ્ય સ્વરૂપ દૃષ્ટિગોચર થયું. હિમાંશુભાઈના સાન્નિધ્યમાં તેને સુપેરે આસ્વાદ્યું માણ્યું. પૂ.'મા'ની સતેજ કલાદૃષ્ટિનો આહ્‌લાદક અનુભવ થયો.

સવારના સત્રને સંભવતઃ સાહિત્યના સાધકોએ જ્ઞાનના ભારથી ભારેખમ કરી દીધું હતું તેથી સાંજનું સત્ર ભક્તિના આનંદ-ઉલ્લાસથી સભર રહ્યું. 'મા' પર્વમાં સમ્મિલિત આબાલ વૃદ્ધ સહુ સાધકો પૂજ્ય મહાત્માજીની પાદુકાઓને રથમાં પધરાવી. આનંદ-ઉલ્લાસપૂર્વક 'સ્વર્ગારોહણ'ની પ્રદક્ષિણા કરવા લાગ્યા. 'હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલની'ના નાદ સાથે સંગીતની સુમધુર સુરાવલિ સાથે માનવ મહેરામણ હિલ્લોલે ચડ્યો. પ્રત્યેકના ચહેરા પર પ્રસન્નતા પથરાઈ ગઈ હતી. ગરબે ઘુમતા નરનારીવૃંદે ત્રણ સપ્તાહ પૂર્વે ઉજવાયેલ નવરાત્રી પર્વને પુનઃ જીવંત કરી દીધું. ચાર વાગ્યે શરૂ થયેલું સત્ર સમાપ્ત થયું તે પહેલાં અવનિ પર અંધકારના ઓળા ઉતરી આવ્યા પણ સ્વર્ગારોહણ દીપજ્યોતિથી એવું ઝળહળી ઊઠ્યું કે અંધકાર પર પ્રકાશના વિજયનું આ પર્વ સર્વ રીતે સાર્થક થઈ ગયું !

—શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ

# ॥ ''મા' પર્વ' ॥

[દીપોત્સવી ઉત્સવ-તા.૨-૧૧-૨૦૨૧ થી તા.૬-૧૧-૨૦૨૧]

'ગુરુ માત-પિતા, ગુરુ સ્વામી સખા,
ગુરુ ચરણોમાં ક્ષમાભાવે પ્રણામ.'

પૂ.શ્રી'મા'એ પશ્ચિમના યાંત્રિક જીવનમાંથી પોતાની અનન્ય કૃપા વરસાવીને પોતાના બાળકોને પરમાત્માના પતિત પાવન પ્રદેશ–'સ્વર્ગારોહણ'માં જરૂરી અનુકૂળતા કરીને સહેજમાં ઉતારી દીધાં. પ્રણામ 'મા' !

'મા પર્વ' દરમિયાન ભારતીય સંસ્કારપ્રણાલી પ્રમાણે ભારતની પુણ્યભૂમિ ઉપર વસતા તમામ સત્સંગી ભાઈબહેનો પોતાનાં પરદેશમાં વસતા સત્સંગી ભાઈબહેનોને 'સ્વર્ગારોહણ'ની પાવનભૂમિ ઉપર રહીને પૂ.'મા'ની સુખદ સંનિધિ માણવા મળે તે હેતુથી 'સ્વર્ગારોહણ' તેમના માટે ખાલી કરી પોતે આ પર્વ દરમિયાન બહાર બીજે ઠેકાણે રહ્યા. આપ સૌને પણ કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ.

'સ્વર્ગારોહણ'ના પ્રવેશદ્વારથી દાખલ થતાં જ જાણે 'સ્વર્ગારોહણ'ની ભૂમિ, હવા, દેવી-દેવતાઓ, વૃક્ષો, વલ્લરીઓ, પક્ષીઓ સૌ કોઈને ગુરુદેવ પ્રભુના શતાબ્દીવર્ષનાં આ 'મા પર્વ'માં પધારનારને પ્રભુપંથે પગલી પડાવવા પૂ.શ્રી'મા'એ સ્વાગતના બૅનરમાં ગોઠવી દીધાં. કોરોનાકાળમાં આ પર્વ આયોજાયું, તો સ્વસ્થતા અંગેના જરૂરી સૂચનો, તે અંગેની જરૂરી તપાસ વગેરેનું ખૂબ સુંદર આયોજન દીર્ઘદૃષ્ટા પૂ.શ્રી'મા'એ પ્રવેશદ્વારના પ્રભુને પ્રણામ કરતાં પહેલાં જ કરેલું. હજી નિયત ઉતારા ઉપર સામાન ગોઠવાય ત્યાં તો પૂ.શ્રી'મા' કપૂર અજમાના તેલની રોલ ઑન શીશી તથા ચીકીનો પ્રસાદ મોકલાવે છે.



વાઘબારસ-પર્વનો પ્રથમ દિવસ. પ્રભાતની ધ્યાન, વંદના, પ્રણામની બેઠક પછી ૧૧:૦૦ વાગ્યે પરદેશથી આવેલા સત્સંગીઓને સંતદર્શન–ઑડિટોરિયમ હૉલમાં શ્રી ગંગાજીની વિવિધ DVDનું દર્શનપાન કરાવ્યું. પછી પૂ.શ્રી'મા' પધાર્યાં. આસપાસ વિવિધ પ્રસાદનાં ટેબલો ગોઠવાઈ ગયા. તેમાંથી પૂ.શ્રી'મા' એક માળા હાથમાં લઈ કહે. 'બાવા બીજું તો શું આપે ? એની પાસે જે હોય તે આપે' અને હાસ્યનું મોજું ફરી વળ્યું. પછી પૂ.'મા' એ લખ્યું–

પરદેશના ભક્તોને તક નથી મળતી. તો 'મા'ને આ વખતે વિચાર આવ્યો કે 'મા પર્વ'ના બધા જ દિવસનું ભોજન તથા નાસ્તો તથા પ્રસાદનો ખર્ચ પરદેશના ભક્તો તરફથી. બધાં જ ભક્તોનો એમાં ફાળો હોય. તમને પૂછ્યા વગર 'મા' એ તમારા વતી આ વહીવટ કર્યો છે. સૌ Thank you Maaના સૂરથી આભારી થઈ ઊઠ્યાં. ત્યાં પૂ.'મા' લખે છે–

'અમે અહીં તમને ઊજળા રાખવાના પ્રયત્નો કરતા રહીએ છીએ.'

એ સાંભળતાં જ Thank you Maaના શબ્દઘોષથી સંતદર્શન ગૂંજી ઊઠ્યું.

પછી સૌ શિસ્તબદ્ધ રીતે શતાબ્દીપર્વના Logoવાળું બૅગપેક, માસ્ક, ચીકી, શુભ-લાભના સ્ટીકરો, ચૉકલેટ, નાની પુસ્તિકાઓ, પૉકેટ પુસ્તિકા, ચંદન સાથે શ્રી લક્ષ્મીજી અને માળા પૂ.શ્રી'મા'ના શ્રીહસ્તે પ્રસાદીમાં પ્રાપ્ત કરી પ્રસન્નતા અનુભવે છે.

ધનતેરસ-૧૧.૦૦ વાગ્યે 'સંતદર્શન'માં પૂ.શ્રી'મા' પરદેશથી આવેલા સ્વજનોને દર્શનસુખ ધરતાં લખે છે–

'આ રાજુકાકાને આંગણે તમે બધા પ્રગટ થયાં તો રાજુકાકાની ફરજ છે વધાવવાની. કંકુ ચોખાથી નહિ, શબ્દોથી. સર્વ કાર્યોની, સર્વ જવાબદારીનો સર્વમંગલનો સરવાળો એટલે જાનીકાકા. [શ્રી રાજુભાઈને ઉદ્દેશીને…] જીવતા રહેજો. [ગઈ રાતે વજનદાર Projectorનો પડદો તેમના માથે પડ્યો હતો

તેનાં સંદર્ભમાં...] અધવચ્ચે જવાની ઉતાવળ ના કરતા. ધનતેરસનું સાચું ધન, 'સ્વર્ગારોહણ'નું સાચું ધન એટલે શ્રી રાજુભાઈ. એ ધનને પ્રભુ તિજોરીમાં સાચવી રહ્યા છે. આ રાજુભાઈ વરસો ઉપર બેંકના કામ માટે એક ફૅક્ટરીમાં ભરબપોરે ગયેલા. ત્યાંના સેવકે તેમને ફ્રિજમાંથી ઠંડા પાણીની બૉટલ આપી. તેમણે એક ઘૂંટ પીધો અને લોહીની ઉલટી થઈ. કારણ, એ એસિડ હતું. [પ્રેમમયી અમીદૃષ્ટિથી રાજુભાઈ સામે જોઈ...] આ છોકરો તો અણી ચૂક્યો, ૧૦૦ વર્ષ જીવે. પ્રભુ જ રક્ષા કરે.'

શ્રી રાજુભાઈના વધામણીના શબ્દો પછી પૂ.શ્રી'મા' લખે છે—

શતાબ્દી પર્વ છે તો હવે પછીના ૧૦૦ વર્ષ દિવાળી પર્વમાં પધારતા રહેજો.

પૂ.શ્રી'મા'ના સામેથી આવેલા આ આમંત્રણ-વાંસળીના સૂરે સૌનાં મનઅંતરને ડોલાવી દીધાં. ત્યારબાદ સૌને શતાબ્દીપર્વનો ખેસ પ્રસાદીમાં મળે છે.

દિવાળીના દિવસે પૂ.'મા'એ 'ગુજરાત' ૨૦૨૧ના દીપોત્સવી અંકમાં શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ દ્વારા લખાયેલો પૂ.શ્રી યોગેશ્વરજીના 'કથાસાહિત્ય' પરનો લેખ છપાયો છે, તે અંક સૌને માટે પૂ.'મા' એ જાહેરમાં મૂક્યો છે. જેથી જેને એ વાંચવા હોય તે વાંચી શકે. પછી સૌએ પૂ.'મા' પાસેથી પોતાની મેળે પ્રસાદ લેવાનો હતો.

નૂતનવર્ષ-૧૧.૦૦ વાગ્યાની બેઠકમાં પૂ.શ્રી'મા' હૉલના ઓટલે પધાર્યા અને પૂ.શ્રી'મા'ની કલમે જે પ્રસાદી પામ્યા તે—

'નૂતનવર્ષ નિત્ય નવી શ્રદ્ધા સાથે પ્રભુનાં શ્રીચરણે ઝુકાવતું રહે તેવી પ્રાર્થના. આજે બધાંએ પોતાનાં અંગ ઉપર નવાં વસ્ત્રો ધાર્યા છે. એ રીતે આ નવા વર્ષે આપણા મનઅંતરને પણ પ્રભુમય સાત્ત્વિક વસ્ત્રો પહેરાવીને મનઅંતરને પ્રભુને વરવા સજ્જ કરીએ. હે પ્રભુ ! અમે સૌ દરેક નૂતનવર્ષે આ તીર્થક્ષેત્રે



હાજર રહી શકીએ તેવી કૃપા કરો. અહીં બેઠેલાં સૌ સ્વજનો કે દેશવિદેશના સૌ સ્વજનો વીતેલા વર્ષમાં અમારાથી જાણ્યે અજાણ્યે આપના મન અંતરને દુભવ્યું હોય તો ક્ષમા કરો. સૌ હસતાં રમતાં અહીં જ હરિગુણ ગાતાં મળતાં રહીએ. પ્રભુ ! અમારી એ વાત પણ મંજૂર કરજો. હવે પ્રસાદ જોઈએ છે કે ત્રણ દિવસથી મળતા પ્રસાદથી ધરાઈ ગયા છો ? પ્રસાદ લઈને પ્રસાદ જેવું જીવન બની જાય તેવી પ્રાર્થના.'

ધૂન-સંકીર્તન સાથે પ્રસાદગ્રહણ પછી પૂ.શ્રી'મા' લખે છે—

'આજે નવા વરસે દરેક ભક્ત-સ્વજન વતી 'સ્વર્ગારોહણ'ના દરેક સેવકને ૫,૦૦૦ રૂ. પ્રભુ આપી રહ્યા છે.' સૌ સેવકો એ પ્રસાદ સ્વીકારે છે. પછી પૂ.શ્રી'મા'ની કલમ આગળ ચાલે છે—

'આજે ૧૨.૦૦ થી ૪.૦૦માં સૌ 'યોગતીર્થ'નાં પણ દર્શન કરી શકશે. હવે આજનો મુખ્ય કાર્યક્રમ પૂ.શ્રી સાહિત્યજગતની વિશેષ વિભૂતિ છે. તો 'સ્વર્ગારોહણ'ને આંગણે સાહિત્યજગતની અનેક પ્રતિભાઓ પધારતી રહે છે. શ્રી અરુણાબેન જાણે તે સૌની સ્નેહકડી છે. શ્રી તરલાબેન અને અરુણાબેનની સાથે આપણે ગઈ રાતે જેમનું નામ સાંભળ્યું છે, તે શ્રી પ્રસાદભાઈ બ્રહ્મભટ્ટ અહીં હાજર છે. ત્રણ મંત્રગાનથી તેઓનું સ્વાગત કરીશું. સૌ મંત્રગાનમાં જોડાય છે. શ્રી ચંદ્રકાંતભાઈ તે અંક લાવ્યા તો આપણે સૌ પૂ.શ્રી વિશે લખેલા એમના લેખનો પ્રસાદ પામ્યા. શ્રી અરુણાબેન તેઓનો પરિચય આપે છે. ત્યારબાદ શ્રી પ્રસાદભાઈ બ્રહ્મભટ્ટના વકતવ્યમાંથી એક વાત મને ખૂબ સ્પર્શી ગઈ અને તે એ કે ''પૂ.શ્રી'મા' પૂર્ણ છે અને એ પૂર્ણમાં કોઈ ઊણપ છે જ નહિ.'' પછી તેઓની સાથે પ્રશ્નોત્તરી થઈ જેમાં તેઓએ સંતોષકારક ઉત્તરો આપ્યા.

ભાઈબીજ-પૂ.માતાજીનો જન્મદિન. આજે ૧૧.૦૦ વાગ્યાની બેઠકમાં પૂ.'મા' હૉલને ઓટલે પધાર્યાં અને જે કલમ

પ્રસાદી ધરી તે આ રહી—

'આજે પણ પાછો પ્રાગટ્યદિન. માતાજી જ્યોતિર્મયી જો પૃથ્વીપટે ના પધાર્યા હોત તો આપણે બધા આજે 'સ્વર્ગારોહણ'ના આવ્યા હોત. પ્રગટ થઈને માતાજીને પૂ.શ્રીના જીવનમાં તપસ્યાના સાક્ષી બનવાનું સદ્-ભાગ્ય પ્રાપ્ત કર્યું. અમારું પણ પરમભાગ્ય હતું કે પૂ.માતાજીની અંતિમ માંદગીમાં બે ત્રણ માસ એમની સેવા કરવા મળી. અચરજ તો એ હતું કે પ્રકાશપંથનો ઈતિહાસ જોતાં આપણે જાણીએ છીએ કે પૂ.શ્રી એ પરમતત્ત્વ સાથે એકરૂપતા પ્રાપ્ત કરી 'મા' જગદંબાનાં દર્શન કરી સતત અનુસંધાન પ્રાપ્ત કર્યું. અમે પૂ.શ્રીની સાથે રહ્યાં તો અમે પૂ.શ્રીને કહેતાં, આપને તો જગદંબા બધું જ કહે, બધું જ તમે તેમને પૂછો અને તે કહે તેમ કરો. તો મારે કોને પૂછવું ? તો પૂ.શ્રી પોતાના તરફ આંગળી બતાવીને કહે, 'આ રહ્યો હું જગદંબાનો પ્રતિનિધિ.' આપણે જે અચરજની વાત કરતા હતા તે હવે ધ્યાનથી સાંભળો.

અમે જે કંઈ પૂછતા તેના જવાબ જગદંબા પૂ.શ્રી દ્વારા આપતા. જગદંબા જે જે સંબોધન અમારાં માટે કરતાં તે બધાં જ સંબોધનો પૂ.માતાજી અંતિમ માંદગીમાં અમારાં માટે કરતાં. જગદંબાનાં જે જે સંબોધનો હતો તે તો અમારી ડાયરીમાં હતાં. પૂ.માતાજી તો એ જાણતાં ન હતાં. અંતિમ માંદગીમાં એવું લાગ્યું કે પરમતત્ત્વ આ માતાજીના મનઅંતરમાં પ્રવેશીને આ સંબોધનો કહી રહ્યાં છે. એક નાનકડી વાત છે. અમે વિદેશની યાત્રામાં યુરોપના દેશમાં હતા. ફોન આવ્યો. મારે ત્યાં બાળકનો જન્મ થયો. નામ આપો. અમે કહ્યું, તમે તો કંઈક વિચાર્યું હશે ને ! વિચાર્યું હતું પણ તમે આપો. અમે કહ્યું, 'ૐ.' તો કહે, 'મા' તમે ક્યાંથી જાણી ગયાં ? 'મા' એ પૂછ્યું, શું ? તો કહે, અમે અમારા લગ્નની શરૂઆતના વર્ષોમાં બાળકની કલ્પના કરતા તો 'ૐ' નામ જ વિચારેલું. તે વાતને તો ઘણાં વરસ થઈ



ગયા પણ આજે તમે આ નામ આપો છો તો તે અમારી ઈચ્છાનો જ પડઘો છે. એટલે આવું બધું અધ્યાત્મજગતમાં થતું રહે છે. જગદંબા જે જે સંબંધોનો અમને લખીને કરતા તે અમારી ડાયરીમાં લખાયેલાં, તે જ સંબોધનો પૂ.માતાજી કરે તો મેળ બેસે છે કે જગદંબા ને પૂ.માતાજી એક જ છે. એવા એ સંતજનનીનો પ્રાગટ્યદિન-ભાઈબીજ. શ્રી રાજુભાઈ, જ્યોત્સ્નાબહેન, રંજનબહેન કે નરેન્દ્રભાઈએ પૂ.માતાજીનાં બાળપણથી દર્શન કર્યા છે. એમની વિશેષતા એ સૌએ માણી છે.

આજે એમનો પ્રાગટ્યદિન છે તો આપણે તો મીઠું મોં કરતા આવ્યા છેલ્લા ચાર દિવસથી. બધાંની Sugar માપીએ તો બંધ કરવું પડશે પ્રસાદવિતરણ. એટલે અમે તો સ્પર્શ જ કરીએ છીએ. સુગંધ પણ લેતા નથી. આજે તો રોજનો એક પ્રસાદ છે ને આપણી જૂની ને જાણીતી શેરબજારની 'હાશ'ની ચીકી. શ્રી વિજયભાઈ 'હાશ'ની ચીકીથી હાશ. હાશ. હાશથી ઉભરાઈ ગયા. એટલે આપણને પણ યાદ કરીને ટ્રક ભરીને ચીકી મોકલતા રહે છે. જેને જેને ચીકી ભાવે તે તે ત્રણ મંત્રથી 'હાશ'ના સૂત્રધારને વધાવે.

૧૫-૨૦ વર્ષ પહેલાં મુંબઈમાં એક પુસ્તક અમને મળ્યું, જ્યોત્સ્નાબહેન લાવ્યાં. અમને ખૂબ ગમ્યું. તેની ઝેરોક્ષ ૧૫-૨૦ વર્ષથી વાંચતાં હતાં. આ વરસે નેટ પર તપાસ કરી તો પૂનામાં તે પુસ્તક મળે છે. બીજલબેન ને જ્યોત્સ્નાબહેન જઈને તે લઈ આવ્યાં. આ પુસ્તકનું કોઈપણ પાનું નામસ્મરણની વાત જ કરે છે. જેને જેને સાધનામાં રસ છે તે તે જરૂર આ પુસ્તક લે. એકાદ બે લીટી વાંચીએ. ઘણું જાણવા મળશે. ઘણાં પૂછે કે નામ કેવી રીતે કરવાં ? માળા કેવી રીતે કરવી ? માળા કઈ આંગળીએ પકડવી ? આ મહાપુરુષને પણ કોઈકે પૂછ્યું હશે કે નામ કઈ રીતે લેવું ?

પછી પૂ.'મા' તે પુસ્તકમાંથી એ વિષય ઉપર જે વંચાવે છે તે—

"નામ કઈ રીતે લેવું એમ વિચારવું એ પેંડો કઈ રીતે ખાવો એ વિચારવા જેવું છે. પેંડો કોઈપણ બાજુએથી ખાઈએ તોયે મીઠો જ લાગે છે. તેમ નામ ગમે તે રીતે લઈએ તોયે તેનું કામ તે કરે જ છે. જેને પેંડો ખાવો છે તે પેંડો કઈ રીતે ખાઉં એમ વિચારતો નથી. તેમ નામ લેનારો મનુષ્ય નામ કઈ રીતે લઉં એમ વિચારતો નથી."

આ પુસ્તક સાધકો માટે ખૂબ ઉપયોગી છે. નાનાં નાનાં દૃષ્ટાંતો આપીને સરસ સમજાવે છે. આજે પર્વનો છેલ્લો દિવસ છે. તો જે જે પહેલીવાર આવે છે. તેમાંથી કોઈને બોલવું છે ? પર્વ વિશે સૂચનો આપવાં છે ? આ રાજુકાકા વધુ સારી રીતે પર્વ ઉજવી શકે એવાં સૂચનો હોય તો મંચ પર આવીને રજૂ કરે. જો કોઈ જ નહિ ઉઠશે તો આજથી બધા જ પર્વો...

ત્યાં તો હર્ષભાઈ ઊભા થયા. તેઓના બોલવા પછી પૂ.'મા' લખે છે–

'પહેલીવાર અમને ભાવનગરની શિબિરમાં અચાનક બોલવા માટે ઊભા કર્યા તો 'મા'ના પણ પગ ધ્રુજતા હતા. એટલે આજે હર્ષભાઈ જે કંઈ પણ બોલ્યા તે ઘણું તે કીંમતી ગણાય. આટલું બોલી શક્યા. દિશાએ તો નથી ભણાવ્યા, છતાં બોલી શક્યા. ધન્યવાદ ! હે હર્ષભાઈ ! આવતા રહેજો. દિશાને લાવતા રહેજો. સુકૃતિ રૂચિતભાઈને લઈ આવી, ધ્વનિ અંકુરભાઈને લઈ આવી તો દિશા હર્ષભાઈને લઈ આવી. હજી ઘણી દીકરીઓ બાકી છે. જે દીકરીઓ પોતાના પાત્રને લઈને આવી શકી નથી. એ દૃષ્ટિએ અંકુરભાઈ ને હર્ષભાઈ બે જ ભાગ્યશાળી છે. દિશા તો જન્મી ત્યારથી ('મા' પાસે) આવે છે, પણ હવે હર્ષભાઈને સાથે લાવતી રહેજે.

હવે આપણા સૌને જગાડવા આવેલો આ નાનકડો સત્યમ પોતાની વાત લઈને આવી રહ્યો છે. નાની ઉંમરમાં એ સરસ કવિતા લખે છે. સત્યમ પોતાની કવિતા વાંચી સંભળાવે છે.



બાળકની નાનામાં નાની વિશેષતાને પણ પૂ.'મા' મંચેથી વધાવવાનું ચૂકતા નથી.

'સ્વર્ગારોહણ' આવનાર નાનાં કે મોટાં કોઈપણ જાતના ભાર વગર, ખૂબ સરળતાથી, ક્યાં, કેવી રીતે પ્રકાશપંથે પગલી પાડી શકે તે 'સ્વર્ગારોહણ'ના આ મંચ ઉપરથી ૮-૯ વર્ષના નાનકડા શાશ્વત સાથેના પૂ.'મા'ના નીચેનાં સંવાદોથી જાણવા મળશે :

'પૂ.શ્રી'મા'–થોડા દિવસ પહેલાં શાશ્વતનો જન્મદિન હતો તે દિવસે શાશ્વતે શું કરેલું ?

શાશ્વત–હું એ દિવસે ૧૨ કલાક પાણી પર રહ્યો હતો.

પૂ.શ્રી'મા'–કેમ ?

શાશ્વત–મારે એ દિવસે કંઈ વિશેષ કરવું હતું ને એટલે.

પૂ.શ્રી'મા'–બીજું શું કરેલું ?

શાશ્વત–ૐ'મા' એ મને સત્સંગની બેઠકમાં મારા સ્વપ્ન દર્શન વિશે (જેમાં ૐ 'મા' અને પ્રભુ શાશ્વત સાથે જુદી જુદી રમતો રમતા હતા તે) બોલવા ઊભો કરેલો.

પૂ.શ્રી'મા'–પછી ૐ 'મા' એ તને કંઈ કીધેલું ?

શાશ્વત–હા. ૐ 'મા' એ મને એ દિવસે ત્રણ વાત કરેલી.

૧. પાણી પર ઉપવાસ કરે ત્યારે પાણી ખૂબ પીવાનું.

૨. દર કલાકે મંત્રગાન વાગે ત્યારે નાની (૨૭ મણકાની) એક માળા કરવી.

૩. દર કલાકે એક માળા કરો તો ૧૨ કલાકની ૧૨ માળા થઈ જાય.

જીવનવનનાં વનમાળી પૂ.શ્રી'મા' ઉપવાસ સાથે મંત્રજાપના ખાતરપાણીથી આ જીવનનું કેવું સુંદર સંવર્ધન કરી રહ્યા છે ! વળી, જાહેર મંચ ઉપરથી તેને આ પ્રશ્નો પૂછી પોતે કરેલી વાત પર પડદો નથી પડી ગયો તેની પણ ચકાસણી કરી લે છે.

રોજ ભોજન બાદ ૪ વાગ્યાની બેઠકમાં વંદના પછી વિવિધ કાર્યક્રમો જેમકે; મટકીફોડ, ગરબા, ગુરુ ભગવંતની પાદુકાયાત્રા, સંકીર્તનયાત્રા વગેરેમાં સૌ સંકીર્તનની મસ્તી માણે. ત્યારબાદ પૂ.શ્રી'મા' સામે વિશેષ પ્રસાદના ટેબલ ગોઠવાય તેના ઉપરથી સ્વહસ્તે પૂ.શ્રી'મા'ની અમીદૃષ્ટિસહિત એ પ્રસાદ સ્વીકારવાનો રહેતો. એ પળો શ્રી ઉમેશભાઈ અને દિશાબેનની ધૂનના સંગીતમય સૂરોથી સુગંધિત થઈ ઉઠતી.

રાતની બેઠકમાં આરતીના સુંદર રાગમાં બેન સુકૃતિના મધુર કંઠે ગવાયેલ 'મા-પ્રભુ'ની સ્તુતિથી આરતી ઉતાર્યા બાદ, શ્રી હેમલભાઈએ તૈયાર કરેલી વિવિધ DVDનું દર્શન જેમાં; શ્રી કાલીદાસ બાપુજીના કંઠે ગવાયેલા શ્લોકો, ભજનો, રામાયણની ચોપાઈ અને ગીતા ઉપરનું તેમનું પ્રવચન, શ્રી સંજયભાઈ, શ્રી જગદીપભાઈ, શ્રી હેમાબેનના મુખે દાદાજીની વિશેષતા, શ્રી ગંગાજીના અંકે પૂ.શ્રી'મા'નો વિહાર, હરકીપેઢી ઉપર પૂ.શ્રી'મા' દ્વારા શ્રી ગંગાજીનું અભૂતપૂર્વ પૂજન, કેનેડા–અમેરિકાની ધરતી પર પૂ.શ્રી'મા'નો વિહાર, 'લીલામૃત' અને વિદેશના બાળકોમાં પ્રેમસ્વરૂપે બિરાજેલા પૂ.'મા' વગેરે વગેરે.

રાતની અંતિમ બેઠક-જપયાત્રા. રંગબેરંગી રોશનીથી ઝળહળતા 'સ્વર્ગારોહણ'માં ભાઈઓ તથા બહેનો પોતાના અલગ અલગ પથ ઉપર મૌન રહી ૐકારના ધ્વનિ સાથે જપ, પ્રાર્થના કે પ્રદક્ષિણા સાથે આ યાત્રા કરે છે. તો વળી, આ યાત્રાનાં પથપ્રદર્શક પૂ.શ્રી'મા' દર્શનદ્વારેથી આ યાત્રાની દીવાદાંડી બની તેમાં જોડાય. જપયાત્રા દરમિયાન પૂ.શ્રી'મા'નું સતત દુર્લભ પુણ્યદર્શન એ 'સ્વર્ગારોહણ'માં વીતાવવા મળેલી પળોનો અનેરો લહાવો છે.

દિવાળીના આ પર્વ પછી ૭મી નવેમ્બરે 'સ્વર્ગારોહણ'ના ઈતિહાસમાં સૌ પ્રથમવાર મેરેથોન દોડનો કાર્યક્રમ થાય છે. એ



આખોય પ્રસંગ ખૂબ જ રોમાંચક છે. શ્રી સમીતભાઈ લગભગ છેલ્લા પંદર વર્ષથી મેરેથોન દોડ દોડે છે. દરેક મેરેથોનરની એક મનોકામના હોય કે તે પોતે ૨૬.૨ માઈલની ન્યુયોર્ક મેરેથોન દોડે. આપણા શ્રી સમીતભાઈ ૨૦૨૧ની ન્યુયોર્ક મેરેથોન દોડમાં પસંદગી પામ્યા. જે ૭ નવેમ્બરના રોજ દોડાવાની હતી. જ્યારે પરદેશના સત્સંગીઓ માટે પૂ.'મા'નું ૧ થી ૧૫ નવેમ્બરમાં 'સ્વર્ગારોહણ' પધારવાનું આમંત્રણ મળ્યું ને દ્વિધા ઉત્પન્ન થઈ. કોરોનાકાળમાં ૨ વર્ષ પછી પ્રભુના શતાબ્દીવર્ષે 'સ્વર્ગારોહણ'માં પૂ.'મા'નાં દર્શને જવું કે ૧૫ વર્ષની મેરેથોનની સાધનાની ફલશ્રુતિ સમી ૨૦૨૧ની ન્યુયોર્ક મેરેથોન દોડવી ? ગડમથલના અંતે નક્કી કર્યું કે શતાબ્દીવર્ષ ૧૦૦ વર્ષ પછી આવશે. માટે પૂ.'મા'ના આમંત્રણને સ્વીકારીને 'સ્વર્ગારોહણ' જ જવું. ન્યુયોર્ક મેરેથોન તો ફરી આવતા વરસે પણ દોડાશે. પૂ.શ્રી'મા'ને આ વાતની કોઈ જાણ કરાઈ નહોતી. તા.૬ નવેમ્બર 'મા પર્વ'ની પૂર્ણાહુતિ થઈ. ૮ નવેમ્બરે ગંગાજી યાત્રાનું પ્રસ્થાન છે તો ૭ નવેમ્બરે સમીતભાઈ 'સ્વર્ગારોહણ'માં મેરેથોન દોડે. સમીતભાઈએ તો પૂ.શ્રી'મા'ના આ પ્રસ્તાવને તરત જ સ્વીકારી લીધો. હવે જુઓ, પૂ.શ્રી'મા'ના પ્રબંધો :

- મેરેથોનનો પથ–પ્રવેશદ્વારના પ્રભુથી કુટિયા થઈ ફરી પ્રવેશદ્વારના પ્રભુ સુધીના ૧૦૮ રાઉન્ડ
- મેરેથોનનો સમય
- સમીતભાઈને કોણ સાથ આપશે અને સાથીઓ તેમની પાછળ ચોક્કસ અંતરે જ દોડે
- વડોદરાના ૫ યુવાન ભાઈઓને મેરેથોન દોડ માટે જ 'સ્વર્ગારોહણ'માં રોક્યા
- પ્રવેશદ્વારના પ્રભુ પાસેથી જ સાથીઓ દોડમાં જોડાય કે છૂટા પડે
- સમીતભાઈ દ્વારા દોડાયેલા રાઉન્ડની ગણતરી કોણ કરશે

• દર્શકો ક્યાં ઊભા રહેશે વગેરે વગેરે

તા.૭ નવેમ્બરે સવારે ૧૧.૦૦ વાગ્યાના મંત્રગાન પછી 'વરદ હસ્ત'ની પ્રાર્થના સાથે સમીતભાઈ પોતાની આ ઐતિહાસિક મેરેથોનયાત્રાનો 'જય કૃપાળુ મા'ના જયઘોષથી પ્રારંભ કરે છે. પ્રવેશદ્વારના પ્રભુથી સરોડાધામ, તીર્થસંગિની, કુટિયા થઈ દર્શનદ્વારે ઊભા રહી સતત તાળીઓથી વધાવતાં પૂ.શ્રી'મા'ની પુષ્પપ્રસાદી મેળવી દોડતી વખતે શું વિચારવું ? ક્યા ભાવ સાથે દોડવું ? તે અંગે અગાઉ પૂ.'મા'એ આપેલ સૂચનોને ધ્યાનમાં રાખી પહેલેથી છેલ્લે સુધી એકસરખી ઝડપે શ્રી સમીતભાઈ આ દોડ અરે ! ના...ના...આ યાત્રા કરી રહ્યા છે. કહો કે પ્રદક્ષિણા કરી રહ્યા છે. 'સ્વર્ગારોહણ'માં ઉપસ્થિત આબાલવૃદ્ધ સૌ કોઈ યથાશક્તિ આ મેરેથોનયાત્રામાં શ્રી સમીતભાઈ સાથે યાત્રા કરે છે. પૂ.'મા' દર્શનદ્વારેથી સતત તાળીઓથી વધાવતાં ઊભાં છે. સમયની ચોક્કસ ગણતરીપૂર્વક પૂ.શ્રી'મા'ના વરદહસ્તેથી છૂટેલો પ્રસાદ સમીતભાઈની ગતિને અવરોધરૂપ થયા વગર તેમના હાથમાં જ પહોંચે તેવી ઝીણવટભરી સૂક્ષ્મ દૃષ્ટિથી પૂ.'મા' ભાઈના ઉત્સાહને પ્રોત્સાહન ધરતાં રહ્યાં. સમયે સમયે કેટલા રાઉન્ડ પૂરા થયાં તેની જાણ પણ લેતાં રહ્યાં, ભાઈને માટે પાણી કે શક્તિવર્ધક પીણું મોકલતા રહ્યા છતાં તાળીઓથી વધાવવાનું તો સતત ચાલુ જ રહ્યું છે. અમુક ચોક્કસ રાઉન્ડ પૂરા થયે દર્શનદ્વારેથી પ્રસન્નવદના પૂ.'મા' કલગી જેવો વિશેષ પ્રસાદ ધરતા પણ દશ્યમાન થાય છે. આ મનોહર દશ્ય સૌ પોતપોતાની રીતે જુદે જુદે ઠેકાણેથી, ભાઈને 'જય કૃપાળુ મા'ના જયઘોષથી વધાવતા, ગરબાની ઠેકડીઓ લઈને વધાવતા, તેમની આ યાત્રાને વીડિયોમાં ઝીલતા ઝીલતા મસ્તીથી રાસલીલાના દર્શનની જેમ માણી રહ્યા છે. કારણ, આ યાત્રાના કેન્દ્રસ્થાને પૂ.શ્રી'મા' હતાં, આ મેરેથોન પ્રભુની ફરતે દોડીને પ્રદક્ષિણામાં પલટાયેલી હતી.



આ યાત્રા પગમાં મોંઘા મોંઘા બુટ વગર ભગવદ્ભાવે થઈ રહેલી હતી. પૂ.શ્રી'મા' જ આ યાત્રાના દશ્ય, દૃષ્ટા, પ્રબંધક, પ્રોત્સાહક, શક્તિસંચારક...સર્વ કાંઈ ! એકસરખા વેગથી થઈ રહેલી આ યાત્રામાં સમીતભાઈ દર્શકોની વધામણીના સૂર સામે પોતાના બંને હાથ ઊંચા કરી 'જય કૃપાળુ મા'ના જયઘોષ કરતા પણ જણાય છે, ગરબાથી વધાવનારા સાથે ગરબાની ઠેકડીઓ લેતા પણ દેખાય છે તો પૂ.'મા' પાસે પ્રસાદગ્રહણ કરતી વખતે પ્રણામ પણ કરે છે. હવે આવ્યો છેલ્લો રાઉન્ડ, પૂ.શ્રી'મા' દર્શનદ્વારે ગુલાબના ફૂલનો હાર લઈને વધાવવા માટે સજ્જ હતા. ભાઈએ હાથ ઊંચા કર્યા, પૂ.'મા'એ તે માટે ઈન્કાર કરતાં તેઓ નતમસ્તક ઊભા રહ્યા તો પૂ.'મા'એ દર્શનદ્વારેથી છોડેલો એ હાર સીધો ભાઈના ગળામાં. પછી પ્રવેશદ્વારના પ્રભુને પ્રણામ કરી ફરી પૂ.શ્રી'મા' પાસે દર્શકદ્વારે આવ્યા તો પૂ.શ્રી'મા' એક ફૂટ જેટલી જાડાઈ ધરાવતા વજનદાર ચોકલેટનો હાર પૂ.'મા'એ તેમને પહેરાવ્યો. પછી પૂ.શ્રી 'મા'ના સૂચન પ્રમાણે 'ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ...'ક્ષમાપન સ્તોત્રનું ગાન થયું. પછી સરોડાધામ અને દર્શનદ્વાર આગળ શ્રી રાજુભાઈનું પ્રસંગોચિત પ્રવચન અને અંતે શ્રી સમીતભાઈના ભાવભીના વક્તવ્યથી આ યાત્રાની પૂર્ણાહુતિ થઈ. પછી જ પૂ.શ્રી'મા' પોતાના રોજના નિયમના પ્રણામ કરવાનો પ્રારંભ કરે છે. આવાં છે સૌની વિશેષતાને વધાવતા એવાં આપણાં પૂ.શ્રી'મા' ! મહત્ત્વાકાંક્ષાને કેવી પ્રભુમય બનાવીને મહિમાવંતી કરી દીધી ! હે મા ! આપની આવી દરેક યોજનાથી અમારા સૌનાં મનઅંતરે સદાય પ્રતિષ્ઠિત રહી અમને સદા આપનાં શ્રી ચરણોમાં સ્થિર રાખો એવી પ્રાર્થના સાથે આપના શ્રી ચરણોમાં અનંત કોટિ પ્રણામ.

**–શ્રી જયશ્રી ભક્ત**

## ॥ The Beauty of Swargarohan & Gangaji in Maa's Presence ॥

Every year, Maa has never failed to travel abroad so devotees in North America can have her darshan and association. This time we all received Maa's message that she desired for her videsh devotees to be present in Swargarohan during the auspicious occasion of her birthday this year. It was truly a privilege to be able to fulfil Maa's wishes and visit Swargarohan.

What can be said about the beauty and splendour of Swargarohan? Maa magnificently decorated Swargarohan with beautifully coloured lights, ornaments, gardens, and flowers. Even though we are on Earth, it truly felt like we were in "Manidweep", the celestial abode of Maa lagadambal The peace and serenity one feels here in the presence of Maa makes it even more desirable than Swarga Lok, the planet of the demi-gods. They must be looking from above, showering flowers upon this holy land and wishing they too could be here in the presence of Maa. Then how lucky must we be?

One can feel Maa's presence every moment here. One's sincere prayers, wishes and desires will surely be heard and fulfilled here. For this land is like the Kalpa Vruksha, the legendary wish fulfill-



ing tree, Oh, the joy we received of having Maa's darshan herel Nothing else can compare, Every day spent here is like heaven on Earth.

The daily glimpse we received of Maa's darshan from the balcony during bap Yagna was truly a joyous event, filling our hearts with love and devotion. We too have heard that these glimpses will become rare in the future.

If one thought that we were going to be spending all 15 days here doing bone breaking sadhana, hours and hours of prayers, daily fasting and vrat, they truly do not understand our Maal Maa filled these 15 days with fun, merry-making, laughter and excitemenH Here are just some of the activities Maa planned for us!

1. Tour of the newly renovated Yog Tirth
2. Tour of the newly constructed Yog Tirth Library
3. Tour and daily viewing of Sant Darshan, the newly constructed Movie Theatre
4. DVD preview of Maa's Lilamrut Parayana
5. Live singing of Maa's pads and dhoons
6. Diwali and New Year's blessings and prasadi directly from Maa
7. Diwali Fireworks
8. Garba Night
9. Celebrating the birth of Prabhu by carrying his paduka around Swargarohan and

doing Sankirtan and Garba!

10. Sumptuous breakfast, lunch, and dinner served and catered everyday by Tarakbhai and family. It truly felt like we were dining at a wedding everyday!

And finally, one of the most memorable and exciting days was when Maa created a new event, "Swargarohan Marathon" where Sumitbhai ran 108 times around Swargarohan on bare foot! All bhaktas, young and old followed hits for a few rounds each! Sumitbhai was scheduled to run the New York Marathon during this time but canceled at the last minute so he could be with Maa. It truly felt like Sumitbhai was indeed running the New York Marathon in Swargarohan itself! That was a very historical and exciting event that we All witnessed and participated in!

Maa also planned a Haridwar Yatra at the last minute. This was a totally unexpected surprise! i learned that Maa comes to Haridwar almost every year and stays at Arya Niwas. wondered why Maa loves Haridwar so much that she makes it a point to come every year without fail. After speaking to several long-time devotees, they indicated it was because Maa is associated with Maa Ganga — that Maa Ganga and Maa Sarveshwari are truly one and the same. Knowing this, one can appreciate the splendor, beauty, and glory of the Ganga



River even more !

Maa stayed on the 3rd floor. Everyday, whether it was during Ganga Puja that Shehalbhai conducted or whether it was when devotees bathed in groups in the Ghat of Arya Niwas, Maa would bless us by giving her Darshan from the balcony and dropping prasad from the balcony to everyone who bathed in the Ganga! This was our daily niyam — have a bath in the Ganga and get darshan of Maa! Maa advised us to enjoy these times and to do as much sadhana as possible as these days may not come again. We also got to celebrate Maa's birthday in Haridwar. Maa gave so many blessings and prasadi to every bhakta on this special occasion. Maa also showed us rare never before seen video footage of satsangs conducted by Maa in the early days of Swargarohan in 1990. In the video, we got to see Maa singing dhoons with so much Bhakti Bhav and witnessed all the devotees intoxicated in divine ecstasy — a rare site indeed!

Maa also arranged for all of us to participate in doing Sat Karma for over 800 young school children in Devprayag. The humility expressed by each child when they received the gifts was truly a rewarding experience. These children taught us to appreciate how lucky we are in this world. Thank you Maa for arranging this beautiful Sat Karma !

Maa also gave me a small book written by

Prabu to read. In this book, Prabhu mentioned 3 important things in life to consider :

1. Live a principled and honest life and follow the path of truth. He said that God is always with us and watching everything we do. There are karmic consequences for every action we do so always perform good actions.

2. Always make a habit to talk to God everyday. Have a conversation with him just as you would with anyone else. Tell him about your day and ask him for guidance and support.

3. Pray on a daily basis and have consistent Niyams. Do jaap and sadhana as much as possible. Time is running out. Remember that we will all die one day and during the process we will grow old. Never forget this. Prayers and sadhana is the only salvation.

What is fascinating is that there is something God has given every person in the world equally. Whether one is a crore-pati (multi-millionaire) or it poor person. Whether one is healthy or suffering from various diseases. Whether one is highly educated or illiterate. Whether one is famous or unknown. Whether one is talented or unskilled. Regardless, God has given everyone in the world the exact same thing equally -24 hours in a day. No one can claim they have more or less time than anyone else. Everyone has been given 24 hrs a



day to do as they please. But what matters most is what each of us do with those 24 hours. How many of those 24 hours do we dedicate to God? To Sadhana? In the end, that is all that matters.

Maa is here to teach us how to spend those 24 hours wisely. May Maa guide all of us on the path of spirituality and may each of us increase our daily sadhana to the best of our ability so that we may reach Prabu in this life itself!

In closing, I would like to mention one final observation. This is something I perceived while staying in Swargarohan. Pujya Maa is a living goddess, a living embodiment of Jagadamba. Her powers are truly incredible and astonishing. She can hear our every thought, watch our every movement and is present with us at all times. Prabhu said very few people on earth will truly recognize this aspect of Maa. There is a sense of urgency that each of us accelerate our spiritual journey. Time is running out. Thank you Maa for allowing us to visit you during this difficult time of Covid. We never thought it would be possible this year. Thank you Maa for your protection, guidance, and love! Everyone remained safe in your presence! As you wrote on your slate on Diwali, 'May we visit you every year in Swargarohan during Diwali for the next 99 years!' Pranam, Pranam, Pranam!

–Shri Hitesh Lad(Toronto)

# ॥ ગંગાજીના શ્રીઅંકે પૂ.શ્રી'મા'નો પ્રાગટ્યોત્સવ ॥

(૧૩ નવેમ્બર, ૨૦૨૧)

ઘણાં વર્ષો પછી શ્રીગંગાજીના અંકે પૂ.'મા'નો પ્રાગટ્યદિન માણવા મળ્યો. ખરેખર જે સાધક ભાઈ-બહેનો-બાળકો આ વિશેષ દિવસે તેમાં હાજર હતા. તે ભાગ્યશાળી કહેવાય. કહો કે 'મા'ની વિશેષ કૃપા પામ્યા. જેમાં પરદેશથી આવેલા ભાઈ-બહેનો પણ આ ઉત્સવ શ્રી ગંગાજીના અંકે ઉજવી શક્યા. આશરે ૧૨૫ જેટલા સાધકો પૂ.'મા'ના વિશેષ દર્શન-સત્સંગનો લાભ લઈ શક્યા.

પૂ.'મા' વારંવાર શ્રીગંગાજીનું મહત્ત્વ સમજાવતાં કહે છે કે, 'અહીં સુધી આવવાનું ભાગ્ય મળ્યું છે તો વિશેષ રીતે જપો..તપો કંઈક સાધનાત્મક ભાથું બાંધવાના પ્રયત્ન કરો.'

આજે ૧૩ નવેમ્બર. એટલે આપણા જેવાં સૌ બાળકો માટે વિશેષ આનંદનો દિવસ. પૂ.શ્રી યોગેશ્વરજીના તપનો ઈતિહાસ એટલે કે 'પ્રકાશના પંથે' ગ્રંથ જીવનાર—જેમનું ધ્યેય ફક્ત ને ફક્ત ''મા''...''મા''...''મા''...જેમનો જીવનમંત્ર ''મા''...''મા''...''મા''...એવાં ''મા''નો પ્રાગટ્ય દિવસ. સૌના મનઅંતરમાં આનંદ છે, પ્રસન્નતા છે, થનગનાટ છે. 'મા'ના દર્શનની તાલાવેલી છે, ઉત્સવ માણી લેવાની, મન અંતરમાં ભરી લેવાની તમન્ના છે.

અહીં હરિદ્વારમાં દરરોજના ક્રમ પ્રમાણે સવારે ૮.૦૦ વાગ્યે બાવની, પ્રાર્થના, મંત્રગાન, પ્રણામની બેઠક થઈ. આજના વિશેષ દિવસે સૌ સાધકોને પૂ.'મા' સાથે ૧૧ પ્રણામ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તે સાથે સૌને વિશેષ પ્રસાદ પણ પ્રાપ્ત થયો. ઉપરાંત સાવિત્રીબહેન તરફથી પણ વિશેષ મીઠાઈનો પ્રસાદ પ્રાપ્ત થયો. સવારે ૧૦.૦૦ થી ૩.૦૦ વ્યક્તિગત



સાધનાનો સમય રહ્યો. સૌ ગંગાકિનારે પાઠ, પ્રાર્થના, પ્રણામ, જપ-વાંચનના નિયમો લઈ શક્યા.

બપોરની બેઠકમાં પદ, ગવાતાં હતાં. પૂ.'મા'નું આગમન થયું. 'મા' કહે; 'બાળકોની કૉર્ટમાં આ 'મા' હાજર થયા છે.' જે સજા કરવી હોય, જે પ્રશ્ન પૂછવા હોય, જે ઉલટતપાસ કરવી હોય તે બધી જ આજે છૂટ છે. સૂરત સાધના વિદ્યાભવનમાં હતાં ત્યારથી વ્રતઉપવાસના પ્રયોગો શરૂ થયા હતાં.

—પોણા ત્રણ માસ માત્ર પાશેર લોટી દૂધ (એકવાર પાણી પણ નહિ)

—કર્પૂરવન બાપુજીને ચિંતા થઈ, બે વડીલોને મોકલ્યા કે આ સરોજને કોઈ સમજાવો.

—એક સંસ્કૃત સૂત્ર બાપુજીએ કહેવડાવ્યું. 'શરીર આદ્યં ખલુ ધર્મસાધનમ્' પણ ધારેલા વ્રતમાં અડગ રહી શકાયું.

—બબ્બે શીફ્ટની સ્કૂલ ! બંને શીફ્ટમાં આચાર્યા તરીકે 'મા' ! સવારે ૬.૩૦ થી સાંજે ૬.૩૦ સુધી સ્કૂલમાં હોય.

—આવીને નિયમની માળા અને પછી નાનકડી પાશેર દૂધની લોટી (પૂ.'મા' ગ્રહણ કરે)

—એ યુવાની હતી. લાંબા ઉપવાસો થઈ ગયા.

—એ વર્ષોમાં એક માસ કાચાં શાકભાજી, એક માસ મગ ઉપર, એક માસ ફળ-દૂધ ઉપર.

—૧૯૮૪ પછી તો અતિનિયમિત વ્રત ચાલુ થયાં.

—શરીર સરસ સાથ આપે છે.

—રોજ ૨૨૫ વાર ઝૂકે છે. (પ્રણામ)

—નિર્જળા હોય તો પણ શીર્ષાસન ને બીજી કસરતો થયા કરે છે.

—આજના દિવસનો નિયમ લીધો છે, ૭૫% પૂરો થયો છે, ૨૫% બાકી છે.

(જજ કે વકીલ પૂછે તે પહેલાં આટલી વાત તો કરી દીધી.)

અમારા શાશ્વતભાઈએ વ્રતનો પ્રયોગ એના જન્મદિને કર્યો (૮ વર્ષનો બાળક-એણે 'સ્વર્ગારોહણ'માં એના જન્મદિને પાણી પર ઉપવાસ કરવો—એવો નિયમ લીધો હતો.) ૮ વર્ષની ઉંમરે અમે તો કદી આવું વ્રત કર્યું ન હતું. શાશ્વત વ્રત કરે. કારણ કે...તે 'પ્રકાશના પંથ'ની વાતો જાણે છે, 'સ્વર્ગારોહણ' આવે છે માટે આ બાળકમાં આવા સંસ્કારોનું દર્શન થાય છે.

ત્યારબાદ પ્રશ્નોત્તરી થાય છે. દરેક પ્રશ્નના પૂ.'મા' વિસ્તારથી જવાબ આપે છે. વળી આજે વિશેષ દિવસ હોવાથી સૌ ભક્તો-બાળકો ભૌતિક પ્રસાદ તો પામે જ છે સાથે સાથે પૂ.'મા' આધ્યાત્મિક-દૈવી પ્રસાદ પણ ધરી રહ્યાં છે. પ્રશ્નોત્તરી બાદ "શ્રી હરિની શબ્દયાત્રા" વંચાય છે. જેમાં પૂ.'મા'ની સાધનાનું દર્શન થાય છે. ૨૨ ઑક્ટોબર, ૨૦૨૧ના દિવસે 'મા'નાં ૧૨ વર્ષનાં નિર્જળાવ્રત પૂર્ણ થયાં એટલે કે ૪૩૮૦ દિવસ. "૧૯૮૪ થી ૨૦૨૧" કુલ ૩૮ વર્ષનાં ૪૩૮૦ દિવસ નિર્જળાવ્રત થયાં. તો કયા વર્ષમાં કેટલા નિર્જળાવ્રત થયાં તેની સવિસ્તાર નોંધ પૂ.'મા' એ ખૂબ પ્રમાણિકતાથી કરી છે. જે પૂ.શ્રી'મા'ની પારદર્શિતાનું દર્શન કરાવે છે. આ દિવસની નોંધમાં જાણે પૂ.'મા' પ્રભુને હિસાબ આપી રહ્યાં હોય એમ લાગે. કહેવાય છે કે ૧૨ વર્ષની તપશ્ચર્યા પૂર્ણ તપશ્ચર્યા કહેવાય. જે ધ્યેયને લઈને ૧૨ વર્ષ સુધી તપ કરો તો તે ધ્યેય પૂર્ણ થાય. આ ૧૨ વર્ષ નિર્જળાવ્રત ઉપરાંત કેટલાય લાખો પ્રણામ, કરોડો જપ, મૌનવ્રતની સાધના, અધ...ધ...ધ...ધ..

પૂ.'મા'ની ૩૦ વર્ષથી વધુ સમયની દર્શનીય 'પ્રણામ-ભક્તિ'ને પ્રણામ ! પૂ.'મા'ની ૨૬ વર્ષથી વધુ સમયની દર્શનીય 'મૌન ભક્તિ'ને પ્રણામ. પૂ.'મા'ની ૨૫ કરોડથી વધુ 'મંત્ર જપ આહુતિ'ને પ્રણામ. પૂ.'મા'નાં ૪૩૮૦ થી વધુ નિર્જળાવ્રત તપને પ્રણામ.

પૂ.'મા'ની સાધનાનો ગ્રાફ, કેટલો બધો ઊંચો છે ! છતાં



પૂ.'મા' તો હજી "પાશેરીમાં પહેલી પૂણી"—જ ગણાવે છે. અને અત્યારે નવેમ્બર માસમાં પણ નિર્જળાવ્રત ચાલુ જ છે.

—પ્રભુનાં દર્શન (પૂ.શ્રી યોગેશ્વરજીનાં) કેવી રીતે કરવાં તે આપણે "પડદા ઓથે પ્રભુ"માં જોઈ શકીએ છીએ, જાણી શકીએ છીએ.

—"શ્રી યોગેશ્વર કથામૃત"—એ જ્ઞાનપ્રસાદ છે-'શ્રી હરિની સંનિધિનો ગ્રંથ છે.'

—"દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ"—એ યાત્રાસંનિધિનો ગ્રંથ છે.

—"શ્રી હરિની શબ્દયાત્રા"—પૂ.'મા'ની જીવનલીલાનું દર્શન છે. પૂ.'મા'ની નિયમિત નોંધ એ આત્મનિરીક્ષણનું એક માધ્યમ છે.

પૂ.'મા' તો પ્રભુને સાધનાનો ગ્રાફ બતાવી શક્યાં. પણ આપણે તો શૂન્યમાંથી એકમાં પ્રવેશવા માટે પણ ઘણો પંથ કાપવાનો બાકી છે.

વળી આ વ્રત (૧૨ વર્ષ નિર્જળાનું) અહીં અટકતું નથી. ફક્ત એક અઠવાડિયા બાદ ફરી વ્રત શરૂ થાય છે. 'મા'ની ભાષામાં કહીએ તો આ અલ્પવિરામ છે, પૂર્ણવિરામ નથી. અધ્યાત્મની યાત્રા કદી અટકતી નથી કે તેને પૂર્ણવિરામ જ નથી. દર વર્ષે પૂ.'મા'ની સાધનાનો ગ્રાફ વધતો જ જાય છે, ઊંચો જ થતો જાય છે. અને એ શિખર ઉપરથી પૂ.'મા' આપણી સાથે લૌકિક વ્યવહાર કેવી રીતે કરતાં હશે ? 'મા'ને એ ઊંચાઈએથી નીચે આપણા જેવાં સાથે, આવવામાં કેટલી મુશ્કેલી પડતી હશે !

આજના આ વિશેષ દિવસે આપણે સૌ પૂ.'મા' પાસે એ જ પ્રાર્થના કરીએ કે 'મા' અમારા સૌના પણ સાધનાત્મક ગ્રાફ, પ્રભુભક્તિના ગ્રાફ, પ્રભુપ્રેમના ગ્રાફ, શ્રદ્ધાના ગ્રાફ, કરુણાના ગ્રાફ, માનવતાના ગ્રાફમાં ઉત્તરોત્તર વધારો કરતાં રહેજો,

સંનિધિસુખ, દર્શનસુખ ધરતાં રહેજો. અમને સૌને આંગળી પકડીને પ્રભુપંથે વાળતાં રહેજો.

કહેવાય છે કે, સીતાજીનો ત્યાગ ઉત્તમ, પાર્વતીજીની તપશ્ચર્યા ઉત્તમ, રાધાજીનો પ્રેમ ઉત્તમ, શ્રી ગંગાજીની કર્મકતા ઉત્તમ તો અમે સૌએ પૂ.'મા'નો 'ત્યાગ', પૂ.'મા'ની 'તપશ્ચર્યા'–પૂ.'મા'નો 'પ્રભુ પ્રત્યેનો પ્રેમ', પૂ.'મા'ની 'કર્મઠતા' (ભક્તોનાં કાર્ય પાર પાડવાની શક્તિ) પૂ.'મા'ની ગુરુભક્તિ, પ્રભુ પ્રત્યેની શરણાગતિની ભાવનાનાં અમે સૌ સાક્ષી છીએ. અત્યારસુધી આપણે સૌ એવું માનતાં હતાં કે તપ તો જંગલમાં જ થાય. પણ પૂ.'મા'નું તપ, પૂ.'મા'ની સાધના આપણા સૌની વચ્ચે રહીને, આપણા પ્રશ્નોનું સમાધાન કરતાં કરતાં ચાલી રહી છે.

પૂ.'મા'ના તપને આંકડાઓ માપી ન શકે, અહીં કોઈ લૌકિક ગણતરી કામ ન લાગે, કોઈ પુરાવાની જરૂર નથી. પૂ.'મા'નું તો સમગ્ર જીવન, દરેક વર્ષ, દરેક મહિનો, દરેક કલાક અરે..દરેક ક્ષણ સાધનામય જ છે. લોકકલ્યાણ માટે જ શ્વાસ લઈ રહ્યાં છે. આવાં અવતારી મહાન વિભૂતિને તો આપણે ફક્ત પ્રણામ જ કરી શકીએ.

'મા' આપના આ તપને પ્રણામ !

'મા' આપના આ અવની પરના અવતરણને પ્રણામ !

'મા' આપની આ લીલાને પ્રણામ !

બેઠકને અંતે સૌએ સાથે મળીને પૂ.શ્રી'મા'નું પારણું ગાયું. વળી નંદ ઘેર આનંદ ભયો..ની ધૂન સાથે સૌ ગરબે ઘૂમે છે. આનંદ, ઉલ્લાસ, ઉમંગભેર સૌએ જન્મોત્સવ માણ્યો. બધાં પૂ.શ્રી'મા'ની સ્નેહસંનિધિનો પરમ અનુગ્રહ પામ્યાં. સ્નેહતીર્થ 'મા'ને આપણા સર્વના કોટિ કોટિ પ્રણામ !

–શ્રી મયૂરી ટેલર



# ll DEVPRAYAG–SATKARM ll

## (16 November, 2021)

Wherever MAA goes, whoever She interacts with, whatever She does - it is all with a purpose. One that we may not understand at first, but becomes much clearer in hindsight.

MAA's plan for Haridwar came about suddenly, or so it may seem. However, since being here, satkarmas have been taking place and being planned for at a fervent speed. It as as though MAA is eager to make up for the 2-year pause due to the pandemic.

Haridwar, Rishikesh, Devprayag, Musoorie - this entire region is where our beloved Prabhuji visited, did years of penance, conducted lectures, and more. He and Mataji have a deep history in this blessed land. Therefore, the satkarmas are taking place here.

On November 16, 2021, 20 devotees had the opportunity of participating in one of these satkarmas. The destination? Devprayag. Specifically, schools within the mountains north of Devprayag - en route to Dashrathachal.

As the winter nears, the villagers experience colder and colder days. To help, blankets were to be distributed to the students of the schools. This way, the families of these children can benefit, too.

Our first stop was at a school near Sujankanda. As we waited for all to arrive, we had a chance to chat with many of the students and several teachers. All the students walk to school from distances of 5 minutes to 1 hour. From a few

conversations, it became abundantly clear just how well-spoken, intelligent, thoughtful, respectful, patriotic, and self-motivated these students were.

All the students seemed to thoroughly enjoy and appreciate their school and opportunity for education. They have some big aspirations and were excited to share those with us.

One $6^{th}$ grade boy shared that he wants to be an army officer when he grows up. No one around him is in the army, except one grandfather, yet he wants this. Why? "To serve my country," he said. He has a lengthy daily walk through the mountains to get to school. Despite that, he spends an extra hour exercising daily to prepare.

Another young girl, Vaibhavi, wants to be an IAS officer when she grows up. When asked why, she said the same. To serve and work for her country. This is the school. These are the children MAA is showering Her love on. It also happened to be Vaibhavi's birthday. Hearing this, we gathered around and sang 'Yogeshwar Prabhu Ne.' One of the satkarma prasadis was Dairy Milk and Vaibhavi handed these out to each student. She was excited for the impromptu birthday celebration!

Rajukaka then gave an introduction to Prabhuji, His history in Devprayag, and insight into the purity of this land. The school educators, too, shared beautiful messages regarding the importance of Guru. Thereafter, the satkarma began.

Each student received a thick blanket, juice, cream roll snack, chikki, and Dairy Milk. The devotees took turns handing these prasadis to each student. All the students were overjoyed. Thanks to MAA, the entire satkarma completed beautifully.

This was the largest batch of students. Thereafter, we stopped at a few more areas and did the same. Each school has one (or more( 'Bhojan Mata' as well - the woman who cooks meals for the students. The blankets and prasadis were given to the bhojan matas, too. A total of 191 blankets were distributed.



After the satkarma, we went to Shantashram. The Sadhu currently staying there warmly welcomed us and we all did individual prayers and pranams. The place has been upgraded since Prabhuji's time. There is now an electricity connection - a light, fan, kitchen, etc. All I kept thinking was -how did Prabhuji stay here so many years? How did Mataji stay so long? Prabhuji says that he didn't even see the need to light a candle, so in the darkness, how did he live so fearlessly? How strong must his yearning for Jagdamba Maa have been for him to live here?

In this sacred land, MAA is just getting started with a waterfall of satkarmas. After returning to Haridwar, some devotees shared that it would be good to give shoes as many students had torn shoes. MAA did not skip a beat and immediately began making arrangements for how this could happen. She said, "when you have an opportunity to serve, take it." In regard to noticing torn shoes, She said, "Once we've seen it and know of the need, it is our responsibility to do something about it."

MAA is the living embodiment of pure love and giving. We are forever thankful for the wonderful opportunity to witness MAA's grace in Devprayag and look forward to seeing all that is to come.

–Shri Gargi Bhakta

# ॥ સંસારમાં રહીને આત્મિક ઉન્નતિ ॥

જિજ્ઞાસુ : આજે સામાન્ય રીતે માણસને સંસારના વિરોધાભાષી વાતાવરણ વચ્ચે વસવું પડે છે. સંસારની પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં શ્વાસ લેવા પડે છે. એને અણગમતા સંજોગોથી વિંટળાઈને ઈચ્છા કે અનિચ્છાએ પણ જીવવું પડે છે. એવી કઠોર વાસ્તવિકતામાં રહીને એ આત્મોન્નતિને માર્ગે કેવી રીતે આગળ વધી શકે ? મારી પોતાની જ વાત કહું તો હું આધ્યાત્મિક વિષયો તરફ પહેલેથી જ અભિરુચિ ધરાવું છું. એ વિષયોમાં સક્રિય અને સવિશેષ રસ લઈને ઉત્તરોત્તર ઉન્નતિ કરવાની મારી અભીપ્સા પણ છે. પરંતુ જે વાતાવરણથી વિંટળાયેલો છું તે વાતાવરણમાં રહીને હું કશું જ નોંધપાત્ર નથી કરી શકતો.

જવાબ : સંસારમાં અમુક વર્ગના સાધકોની સમસ્યા એવી જ છે, જેને તમે તમારા વકતવ્યમાં વાચા આપી છે. છતાં પણ હું એક વાત તરફ ખાસ અંગુલિનિર્દેશ કરીશ કે તમારી આધ્યાત્મિક અભિરુચિ પોષવા માટે તમારે શક્ય એટલો વધારે કે ઓછો પ્રયાસ કરવો જ જોઈએ. વધારે ભાગના માણસોને વિરોધી વાતાવરણમાં વસવું જ પડે છે તે સાચું છે. છતાં એ પણ એટલું જ સાચું છે કે એ વાતાવરણમાં રહીને પણ રસ્તો કરી શકાય છે. અને કરવો જોઈએ. જીવનની આધ્યાત્મિક ઉન્નતિનાં મહત્ત્વના શિખરોને સર કરનાર મહાપુરુષોનાં જીવનનું નિરીક્ષણ કરશો તો જણાશે કે એમનો માર્ગ પહેલેથી સાફ નહોતો અને એમને વિરોધી વાતાવરણમાં જ વસવું પડ્યું હતું. એ વાતાવરણથી ડર્યા, કે નાહિંમત બન્યા વગર એમાંથી જ માર્ગ કરીને એ લોકો આગળ વધ્યા હતા. પ્રહ્લાદ, નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયાનંદ ને વિવેકાનંદનાં જીવન બીજું શું બતાવે છે ? એટલે વાતાવરણનો વિચાર કરીને કાંઈ બેસી ના રહેવાય. તમે નથી જાણતા કે વાતાવરણ ગમે તેટલું પ્રબળ હોય તો પણ તમારી ઈચ્છાશક્તિ, તમારો અદમ્ય ઉત્સાહ, તમારી



અખૂટ હિંમત, અને તમારું આત્મબળ વધારે પ્રબળ છે ? એ આત્મબળ ઓળખી લો તથા વિકસાવો, તો તમારું કામ સહેલું થઈ જશે.

જિજ્ઞાસુ : પરંતુ એને વિકસાવવું કેવી રીતે ?

જવાબ : તમારામાં આધ્યાત્મિક વિકાસ માટેની અભીપ્સા કે લગની હશે તો એનો વિકાસ આપોઆપ થતો રહેશે. મારી સૂચના એટલી જ છે કે વાતાવરણને તમે કદી પણ વધારે પડતું મહત્ત્વ ન આપી દેતા. સર્વત્રકાળે અનુકૂળ વાતાવરણ તો કોઈક બડભાગીને જ મળવાનું. એટલે એમાંથી માર્ગ કાઢવાનો વિકલ્પ જ બાકી રહે છે. વાતાવરણને બને તેટલું સુધારવાનો પ્રયાસ કરી શકાય છે. એની સાથે સાથે, આત્મબળને વિકસાવવા માટે, અનુભવી મહાપુરુષોનો સમાગમ કરતાં રહેવું જોઈએ. એથી અદ્ભુત લાભ થઈ રહે છે. એવા પુરુષોનો સમાગમ સુલભ ના હોય તો પ્રકાશ અને પ્રેરણા પૂરા પાડનારા સદ્ગ્રંથોનું વાચનમનન કરવું જોઈએ. એ ઉપરાંત, રોજ નિયમિત રીતે એક કલાક કે ઓછામાં ઓછો અર્ધો કલાક પ્રાર્થના, જપ કે ધ્યાન જેવી વ્યક્તિગત સાધનામાં ગાળવો જોઈએ. અર્ધા કલાક કે કલાક લગી થતી નિયમિત સાધના, લાંબા વખતે તમારી અંદર શુભ સંસ્કારોનો એવો સ્થિર, અને પ્રબળ પ્રવાહ પેદા કરશે. જેની સાત્ત્વિક અસર તમને જણાયા વિના રહેશે નહિ. એ સંસ્કારો જ તમને આગળ વધવામાં મદદરૂપ થશે.

જિજ્ઞાસુ : ત્યારે સંસારમાં રહીને આત્મિક ઉન્નતિ શક્ય ખરી ?

જવાબ : જરૂર શક્ય છે એમાં શંકાને સ્થાન જ નથી. જેમને ઉન્નતિ કરવી છે તેમને કોઈ જ રોકી શકે તેમ નથી, ફક્ત તેમણે સતત સાવધ કે જાગ્રત રહીને પુરુષાર્થ કરવો જોઈએ આજ લગી એવી રીતે પુરુષાર્થ કરીને કેટલાય સાધકો સિદ્ધિપ્રાપ્તિ કરી ગયા છે. તમે પણ જો નિશ્ચય કરશો તો કેમ નહિ કરી શકાય ?

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ પુરુષાર્થ ॥

પ્રશ્ન : તુલસીકૃત રામાયણમાં સુગ્રીવ રામને કહે છે કે રાજ્યસુખ મળવાથી હું પ્રમાદી થઈને તમને ભૂલી ગયો એ મારી ભારેમાં ભારે ભૂલ થઈ આ જગતમાં જે કામ, ક્રોધ, મદ, મોહ અને અહંકારરૂપી દૂષણો છે તેમને કોઈ વિરલ ભાગ્યશાળી પુરુષ જ તમારી કૃપા હોય તો જીતી શકે છે. તો શું ઈશ્વરકૃપા વિના એ દોષોને જીતી જ ન શકાય ? મનુષ્યના વ્યક્તિગત સ્વતંત્ર પુરુષાર્થનું કોઈ મૂલ્ય જ નથી ?

ઉત્તર : મનુષ્યના વ્યક્તિગત સ્વતંત્ર પુરુષાર્થનું કોઈ મૂલ્ય જ નથી એવું તો કોઈએ ધર્મશાસ્ત્રે નથી કહ્યું અને રામાયણના રચયિતા તુલસીદાસ પણ એવું કયાં કહે છે ? રામાયણમાં કેટલેય ઠેકાણે એ જીવનની સાર્થકતા માટે પુરુષાર્થ કરવાનો આદેશ આપે છે, ને પેલી પ્રસિદ્ધ, ચોપાઈમાં એ જ વાતનું પ્રતિબિંબ પાડતાં કહે છે કે મનુષ્યશરીર બહુ મોટા ભાગ્યથી મળે છે. એવા સાધનોના ધામ ને મોક્ષના દ્વાર જેવા મનુષ્યશરીરને મેળવીને જેઓ સંસારના ભોગોમાં જ રત રહે છે ને મુક્તિ, શાંતિ કે પરમાત્માને પામવાનો પ્રયાસ નથી કરતા, તેઓ દુઃખી થાય છે, પાછળથી પસ્તાય છે, ને કાળને, કુકર્મને તથા ઈશ્વરને મિથ્યા દોષ આપ્યા કરે છે. એમના એ કથનમાં પણ મનુષ્યે પોતાના આત્મવિકાસ અથવા શ્રેયને માટે પુરુષાર્થ કરવો એવું જ સૂચવવામાં આવ્યું છે. એણે પ્રમાદી બનીને બે હાથ જોડીને અકર્મણ્ય બનીને બેસી રહેવું એવું, ક્યાંય નથી કહેવામાં આવ્યું.



પ્રશ્ન : તો પછી સુગ્રીવના મુખમાં જે શબ્દો મૂકવામાં આવ્યા છે એમનો અર્થ શો ? તમે કહો છો, એ વાત જ જો સાચી હોય તો સુગ્રીવના એ શબ્દો શું વિરોધાભાસી નથી લાગતા ? ઈશ્વરની કૃપા પર જ એ બધો આધાર રાખવાનું નથી શીખવતા ?

ઉત્તર : હું એવું નથી માનતો. સુગ્રીવના શબ્દો એની પ્રકૃતિ પ્રમાણે બરાબર જ બોલાયા છે. એ શબ્દોમાં ભારોભાર નમ્રતા રહેલી છે. જીવનમાં જે સારું થાય છે કે મેળવાય છે તેનો યશ એક ઈશ્વરને જ આપવો અને એક ઈશ્વરની કૃપાથી જ તે થાય છે ને મેળવાય છે એવો વિશ્વાસ રાખવો એમાં નિરભિમાનીતા ને નમ્રતા રહેલી છે. મહાન પુરુષો પોતાની સિદ્ધિ, કે સફળતાઓ વિશે ઉલ્લેખ કરવાનો વખત આવે ત્યારે એવી જ ભાષામાં લખતા કે બોલતા હોય છે બીજા પણ એવું લખે-બોલે એ આવકારદાયક છે. એટલે તો આપણે કહીએ છીએ કે ઈશ્વરની ઇચ્છાશક્તિ વિના એક પાંદડું પણ નથી હાલતું. પરંતુ એનો ભળતો ભાવાર્થ લઈને જો આપણે દીન, હીન, આળસુ, એદી ને પામર બનવા માંડીએ અને એમાં ગૌરવ ગણીએ તો એવી પદ્ધતિ કોઈને પણ ઉપયોગી નહિ થઈ શકે ઈશ્વરની કૃપા આપણા પર છે જ અને વધારે ને વધારે થશે જ એમ માનીને આપણે દૂષણોને દૂર કરવાનો પ્રમાણિક પુરુષાર્થ કરીએ તો ઓછાવત્તા પ્રમાણમાં જરૂર સફળ થઈએ એમાં લેશપણ સંદેહ નથી જ.

**—શ્રી યોગેશ્વરજી**

# ॥ કાશીમાં મરણ ॥

પ્રશ્ન : કાશીમાં મરણથી મુક્તિ થાય છે એ શાસ્ત્રવચનમાં તમે માનો છો ?

ઉત્તર : માનું છું. પરંતુ એને એકલા શબ્દમાં નહિ, પણ ભાવાર્થ સાથે સ્વીકારવામાં માનું છું.

પ્રશ્ન : ભાવાર્થ સાથે સ્વીકારવામાં માનો છો એટલે ? તમને આ શાસ્ત્રવચનમાં શ્રદ્ધા નથી એમ ?

ઉત્તર : શ્રદ્ધા ના હોય એવું તો બને જ કેવી રીતે ? ખરી રીતે જોતાં તો એ પ્રશ્ન જ નથી. પ્રશ્ન છે શાસ્ત્રવચનોનો વાચ્યાર્થ નહિ પરંતુ ભાવાર્થ લેવાનો. દર વરસે ને પ્રત્યેક દિવસે કાશીમાં કેટલાય જીવો જન્મે છે ને કેટલાય માણસો મરે છે. તે બધાંનું મરણ કાશીમાં થાય છે એટલા માટે જ તેમને મુક્તિ મળે છે, એમ માનવું ભૂલભરેલું છે. કાશીનગરીમાં રહીને કેવળ મરણ પામવાથી જ એવી રીતે કોઈને મુક્તિ ન મળી શકે. કાશીમાં રહેનારા બધા જ મનુષ્યો કાંઈ ધર્માત્મા નથી હોતા. તે બધા ઈશ્વરપરાયણ જીવન પણ નથી જીવતા. તેમનામાં અહંતા, મમતા, રાગદ્વેષ આસક્તિ કામના ને લાલસા બધું જ હોય છે. તેથી પ્રેરાઈને તે કેટલીક જાતનાં કુકર્મ પણ કરે છે. એવા કુકર્મપરાયણ લોકો પણ જો કાશીમાં જ મરે તો તેમની મુક્તિ થાય ખરી ? મને નથી લાગતું કે તેમની મુક્તિ થઈ શકે. કેમ કે શાસ્ત્રો જ કહે છે જેનું ચારિત્ર્ય શુદ્ધ ન હોય, જે સદ્ગુણી, સાત્ત્વિક સ્વભાવનો ને ઈશ્વરપરાયણ ન હોય અને અનીતિ, અન્યાય, અધર્મ કે કુકર્મમાંથી જેનું મન પાછું ના વળ્યું હોય, તેને કોઈ રીતે મુક્તિની પ્રાપ્તિ નથી થઈ શકતી. મુક્તિની પ્રાપ્તિ એ જીવનવિકાસનો એક સ્વાભાવિક ક્રમ છે, ને શુદ્ધ હૃદયના સાધકો જ એનો લાભ લઈ શકે છે. મુક્તિ કાંઈ એટલી બધી સસ્તી નથી કે કાશી જેવા કોઈ ધામમાં રહેવા કે મરવા માત્રથી જ મળી જાય. ના એવી ભ્રાંતિમાં ના રહેતા.

પ્રશ્ન : તો પછી કાશીમાં રહેવાથી મુક્તિ થાય છે એવું શા



માટે કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : મેં આગળ ઉપર કહ્યું છે તેમ એ કથનનો ભાવાર્થ લેવાનો છે. એ કથનને ભાવાર્થ સાથે સમજવાથી બધું સ્પષ્ટતાપૂર્વક સમજાઈ જશે ને કોઈ શંકા નહિ રહે. જે જમાનામાં એ શાસ્ત્રવચન લખાયું તે જમાનામાં કાશી આત્મજ્ઞાનનું મહાન કેન્દ્ર હતું. અધ્યાત્મવિદ્યાનો પ્રચાર ત્યાં પુષ્કળ પ્રમાણમાં હતો. તે ઉપરાંત જુદી જુદી જાતના દિગ્ગજ મેધાવી પ્રશાંત સંતપુરુષો પણ ત્યાં આજના કરતાં વધારે પ્રમાણમાં વાસ કરતા. એટલે એમના સમાગમ તેમ જ સત્સંગનો સહેલાઈથી લાભ મળતો. એને પરિણામે ત્યાં રહેનારા લોકોના અને ખાસ કરીને જિજ્ઞાસુ જનોના જીવનમાં પરિવર્તન થતું. તેમને દેવદુર્લભ લાભ મળતો. અને જ્ઞાનની પ્રાપ્તિ કરી જીવનને શુદ્ધ, પૂર્ણ, મુક્ત ને ઈશ્વરમય કરવા માટે તે તત્પર થતા. એવી રીતે તેમના જીવનમાં મૂળભૂત ક્રાંતિ થતી અને જીવનભર આત્મિક વિકાસ કરીને એવી ઉચ્ચ દશામાં મરણ પામતાં તેમને માટે મુક્તિ સહજ થતી. એ વાતને આવી રીતે બુદ્ધિપૂર્વકની સહાનુભૂતિ સાથે સમજી શકાય છે. એવી રીતે જીવનને ઉચ્ચ બનાવવાથી આજે ને ભવિષ્યમાં પણ મને કાશીમાં જ નહિ પણ બીજે ગમે ત્યાં રહેવા કે મરવાથી મુક્તિ મળી શકે છે. કાશીના પ્રેમીઓએ ફક્ત કાશીને માટે એવું લખ્યું છે એટલું જ.

પ્રશ્ન : સ્થાનના મહિમાને તમે નથી માનતા ?

ઉત્તર : માનું છું. સ્થાનનો પોતાનો મહિમા જરૂર હોય છે. તેનો ઈન્કાર ન કરી શકાય. પરંતુ ઉત્તમમાં ઉત્તમ સ્થાનમાં રહીને પણ જો માણસ કાંઈ જ ન કરે, અને આળસુ થઈને હાથ જોડીને બેસી રહે તો તેનો વિકાસ કેવી રીતે થઈ શકે ? તેનો ઉદ્ધાર પણ કેવી રીતે થઈ શકે ? અને તે મુક્તિ પણ કેવી રીતે મેળવી શકે ? માણસે ગમે ત્યાં રહીને પણ ઓછેવત્તે આવશ્યક વિકાસ તો કરવો જ જોઈએ, તો જ કાંઈક મહત્ત્વનું મળી શકે.

**—શ્રી યોગેશ્વરજી**

# ।। ઈશ્વર-ધ્યાન માટે શું કરવું જોઈએ ? ।।

પ્રશ્ન : ધ્યાન કેવી રીતે કરવું જોઈએ ? ઈશ્વર આપણી સામે રહેલા છે અને આપણા પર કૃપા વરસાવી રહ્યા છે એવું માનીને ધ્યાન કરવું કે તે આપણા હૃદયમાં વિદ્યમાન છે, એવી ભાવના સાથે કરવું ?

ઉત્તર : ધ્યાન કરવાની પદ્ધતિઓ અનેક છે એ હકીકતનું સ્પષ્ટીકરણ મેં પહેલાં પણ કરી દીધું છે. એ બધી જ પદ્ધતિઓનો સમાવેશ મુખ્યત્વે બે વિભાગમાં કરી શકાય છે. સગુણ ધ્યાન અને નિર્ગુણ ધ્યાન. કોઈપણ પ્રકારના ચિંતન-મનન વિના, ગીતાના છઠ્ઠા અધ્યાયમાં કહ્યા પ્રમાણે, ધ્યાનમાં બેસીને મનને ધીરેધીરે કે ક્રમેક્રમે શાંત કરવાની કોશિશ કરવી તે નિર્ગુણ ધ્યાન છે. અથવા તો આત્મસ્વરૂપનું ચિંતન કરવું કે પછી કોઈક જપનો આધાર લઈને મનને એકાગ્ર અને શાંત કરવાનો અભ્યાસ કરવો તે પણ નિર્ગુણ ધ્યાન કહેવાય છે સગુણ ધ્યાનમાં ઈશ્વરના કોઈ રુચિપૂર્વકના રૂપમાં મનને સ્થિર કરવાનો પ્રયત્ન કરવો પડે છે. એ બધા પ્રકારની અને એવી જ બીજી પદ્ધતિઓમાંથી કોઈ પણ એક અનુકૂળ પદ્ધતિનો આધાર લઈને ધ્યાનની સાધનામાં આગળ વધી શકાય છે પદ્માસન, સિદ્ધાસન, સ્વસ્તિકાસન કે સુખાસનમાંથી કોઈપણ આસન ધ્યાનને માટે અનુકૂળ ગણાય છે. એમાંથી અનુકૂળ આસન પસંદ કરીને ધ્યાન કરવું જોઈએ. ઈશ્વર હૃદયમાં રહેલો છે અને એમની કૃપા નિરંતર વરસી રહી છે, એવું એક સાથે માનીને ધ્યાન કરવાથી તમને થતો વિશેષ લાભ યોગ્યતા કે ભૂમિકા પર અવલંબે છે. જો મૂર્તિ કે મંત્રના આધાર વિના મનને સ્થિર તથા શાંત કરી શકાતું હોય તો એમનો આધાર લેવાની જરૂર રહેતી નથી. એ દશામાં એમનો આધાર લીધા વિના જ તમે આગળ વધી શકો છો, પરંતુ મોટા ભાગના સાધકો એવી રીતે કોઈપણ પ્રકારના આલંબન વિના પોતાના મનને સ્થિર નથી કરી શકતા. માટે જ આરંભમાં કોઈ મૂર્તિ કે મંત્રનું આલંબન લઈને આગળ વધવાનું એમને માટે આવશ્યક હોય છે. છતાં પણ એવા આધારની આવશ્યકતા સમસ્ત જીવનપર્યંત નથી હોતી. છેવટે તો બધી જાતના બાહ્ય આધારોમાંથી મુક્તિ મેળવીને સાધકે પોતાના આત્માની અંદર જ રત રહેતાં કે એકાગ્ર થતાં શીખવાનું છે. એ દશા પ્રયત્નસાધ્ય છે.

**—શ્રી યોગેશ્વરજી**



# ।। સમાધિપ્રાપ્તિનો અકસીર માર્ગ ।।

પ્રશ્ન : સમાધિની પ્રાપ્તિ માટેનો સૌથી અકસીર માર્ગ કયો ?

ઉત્તર : સૌથી અકસીર અને સરસ માર્ગ ધ્યાનનો છે. ધ્યાનમાં નિયમિત અને લાંબા વખત લગી ઉત્સાહપૂર્વક બેસવાથી છેવટે મનનો લય થાય છે. અથવા તો મન છેક જ શાંત થાય છે. એ દશાને સમાધિની દશા કહેવામાં આવે છે. મંત્રજપથી પણ એવી દશાની પ્રાપ્તિ થઈ શકે છે, પરંતુ મંત્રજપ કરતાં કરતાં જ્યારે મન બીજું બધું જ ભૂલીને ધ્યાનમાં લીન બનીને પ્રવાહીત બની વહેવા માંડે ત્યારે જ એ દશાનો અનુભવ થાય છે. એ દૃષ્ટિથી વિચાર કરતાં મુખ્ય માર્ગ ધ્યાનનો જ છે એવું કહેવામાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ નથી થતી.

પ્રશ્ન : સમાધિની અવસ્થામાં સાધકને શરીરનું ભાન રહે છે ખરું ?

ઉત્તર : જ્યાં સુધી સાધકને શરીરનું ભાન રહેતું હોય ત્યાં સુધી એણે સમાધિની અવસ્થામાં પ્રવેશ કર્યો છે એવું ન કહેવાય. સમાધિની ઉચ્ચતમ અવસ્થા દરમિયાન શરીરનું ભાન બિલકુલ નથી રહેતું, કાળનું ભાન પણ નથી રહેતું અને આજુબાજુના વાતાવરણનું ભાન પણ નથી રહેતું. મનની વૃત્તિ અથવા તો મન એ બધાંથી પર અથવા તો અતીત બની જાય છે. જ્યાં સુધી શરીરનું, કાળનું, અને આજુબાજુના વાતાવરણનું ભાન રહેતું હોય ત્યાં સુધી એ દશાને સમાધિની દશા નહિ પરંતુ ધ્યાનની દશા કહેવાય છે. ધ્યાન ને સમાધિની દશાનો એ ભેદ ધ્યાનમાં રાખો તો સમાધિના રહસ્યને સારી પેઠે સમજી શકશો.

પ્રશ્ન : સમાધિદશામાં ઓછામાં ઓછું કેટલા વખત સુધી રહેવું જોઈએ ?

ઉત્તર : સમાધિદશામાં ઓછામાં ઓછું કે વધારેમાં વધારે કેટલા વખત સુધી રહેવું જોઈએ તેનો કોઈ ચોક્કસ નિયમ નથી બાંધી શકાતો. એક વાત ખાસ યાદ રાખવાની છે કે

સમાધિદશામાં કોઈ કેટલા વખત સુધી સ્થિર રહે છે તે એટલું મહત્ત્વનું નથી, જેટલું મહત્ત્વનું એ દશામાં શું અનુભવે છે અને એ દશામાં જાગ્રત થયા પછી મનનું સ્વરૂપ કેવું રહે છે તે છે. સમાધિની મહત્તા એના સમય પરથી નથી મનાતી, પરંતુ એની ગુણવત્તા પરથી જ અંકાય છે એ કદી ભૂલાવું ન જોઈએ.

પ્રશ્ન : સંત તુલસીદાસે રામાયણમાં કલિયુગની એક વિશેષતા બતાવતાં કહ્યું છે કે કલિયુગમાં 'માનસ પુણ્ય હોહિ નહિ પાયા' એટલે કે કલિકાળમાં મનથી જે પુણ્ય કરવામાં આવે છે તેનું ફળ મળે છે, પરંતુ મનથી કરાતાં પાપની ગણતરી નથી થતી કે નોંધ નથી લેવાતી તો એ વચનોનો શો ભાવ છે ?

ઉત્તર : એમનો ભાવ તો સ્પષ્ટ જ છે. તુલસીદાસજી કહેવા માગે છે કે આ યુગમાં મનથી કરાતું પુણ્યકર્મ ફળે છે. એટલે ધારો કે કોઈ દીનદુઃખીને જોઈને મનમાં તમને એકાએક દયા, કરુણા કે સેવાની ભાવના થઈ આવી, છતાં પણ તે ભાવનાનો અમલ કરવા માટેની શક્તિ કે સામગ્રી તમારી પાસે ન હોય તો પણ તે ભાવનાનું શુભ ફળ તમને મળવાનું જ. પરંતુ એથી ઊલટું, મનમાં કોઈ પાપવિચાર પેદા થાય તો તેનું ફળ નહિ મળે કે તેની ગણતરી નહિ થાય.

પ્રશ્ન : એનો અર્થ એવો ખરો કે મનથી પાપ કરવાની છૂટ છે ?

ઉત્તર : એનો અર્થ એવો નથી થતો. સૌથી ઉત્તમ અથવા આદર્શ દશ્ય તો એ જ છે કે તનથી તો ખરાબ કામ થાય જ નહિ પરંતુ મનમાં પણ બૂરો વિચાર કે ભાવ ન ઊઠે. આચાર અને વિચાર બંને મંગલ હોય એથી વિશેષ રૂડું બીજું કાંઈ જ નથી. છતાં પણ આચાર અને વિચારની એવી શુદ્ધિ કોઈ કારણથી શક્ય ન હોય તો પણ, જે અશુભ વિચાર મનમાં ઉત્પન્ન થાય તે બહાર નીકળીને આચરણમાં અનુવાદિત ન થાય એટલી શક્તિ કેળવી લેવાની જરૂર છે. એટલી શક્તિ મેળવી લેવાય તો પણ ઘણું ઉપકારક કામ થઈ જાય. આજે તો સામાન્ય રીતે માણસની દશા એવી છે કે મનમાં ઉત્પન્ન થયેલો વિચાર આચારમાં ક્યારે



આકાર પામે છે તેની તેને ખબર પણ નથી પડતી. પછી તે વિચારનું સંશોધન કરવાનો કે તેનો સંયમ કરવાનો તો અવકાશ જ કયાં રહે છે ?

**–શ્રી યોગેશ્વરજી**

★

# ॥ મૂર્તિપૂજા ॥

પ્રશ્ન : મૂર્તિપૂજાની આવશ્યકતા વિશે તમારો શો અભિપ્રાય છે ? શું દરેકને એની આવશ્યકતા છે ?

ઉત્તર : મૂર્તિપૂજાની આવશ્યકતા દરેકને છે એવું તો કેવી રીતે કહી શકાય ? છતાં પણ સંસારમાં ભિન્નભિન્ન રુચિવાળી વ્યક્તિઓ વસે છે અને એમાંની કેટલીક વ્યક્તિઓને પોતાના વિકાસને માટે મૂર્તિપૂજાની આવશ્યકતા લાગતી હોય અને એ એનો આધાર લે એ સહેજે સમજી શકાય તેવું છે. એમાં આપણને કશી આપત્તિ ન હોઈ શકે.

પ્રશ્ન : મૂર્તિપૂજાનો આધાર લેવાથી સર્વવ્યાપક, સર્વદેશીય પરમાત્માની અનુભૂતિમાં અંતરાય ઊભો નથી થતો ?

ઉત્તર : મને તો એવું નથી લાગતું. પરમાત્માની અનુભૂતિ સરળ બને એટલા માટે જ આરંભમાં મૂર્તિપૂજાને એક પ્રતીક તરીકે તેનો આધાર લેવામાં આવે છે. મૂર્તિપૂજાની પદ્ધતિ દ્વારા મૂર્તિની અંદર રહેલી પરમાત્માની પરમ સત્તાનો સાક્ષાત્કાર કરી છેવટે સંસારના સઘળા પદાર્થોમાં એનું દર્શન કરવાનું રહેશે. એટલે મૂર્તિપૂજાનો આધાર લેવાથી સર્વવ્યાપક, સર્વદેશીય પરમાત્માની અનુભૂતિમાં અંતરાય ઊભો નથી થતો, પણ મદદ મળે છે. મૂર્તિપૂજાની પુરાતન પદ્ધતિમાં જે બૂરાઈઓ લાગે તેમનો વિરોધ જરૂર કરો, બાકી મૂર્તિ કે મૂર્તિપૂજાનો વિરોધ કરવા જેવો નથી.

**–શ્રી યોગેશ્વરજી**

## ॥ સાવિત્રી પ્રવેશિકા : એક પરિચય ॥

ભારતીય આધ્યાત્મિકતા અને શ્રી અરવિંદ તથા શ્રી માતાજીની સાધના અને દર્શનના પ્રારંભિક પથિકો માટે આ પુસ્તિકા એક અણમોલ ભેટ છે. સામાન્ય રીતે સાવિત્રી એ સરળ ગ્રંથ ગણાતો નથી, પરંતુ આ પુસ્તિકા સાવિત્રીના અભ્યાસ માટે પ્રેરણા અને ઉત્સાહ પૂરા પાડશે. સાવિત્રી એ શ્રી અરવિંદ અને શ્રી માતાજી અને એમના પૂર્ણયોગનું સુંદર કાવ્યાત્મક નિરૂપણ છે. શ્રી અરવિંદે એમની મહાન કૃતિઓનું સર્જન લગભગ છ વર્ષમાં કર્યું હતું પણ સાવિત્રી સર્જનમાં એમણે ૧૯૧૬ થી ૧૯૫૦ સુધીનો ૩૪ વર્ષનો સમય લીધો હતો કારણ કે એ એમના આધ્યાત્મિક જીવનનું કથાનક છે. શ્રી માતાજી હંમેશાં કહેતાં કે સાવિત્રીએ શ્રી અરવિંદદર્શનનો સર્વોત્તમ આવિષ્કાર તો છે જ તે ઉપરાંત તે જગતના રૂપાંતરનો મંત્ર પણ છે. શ્રી અરવિંદનું સાવિત્રીમાં રજૂ થયેલ દર્શન વેદની ચેતના સંબંધિત અભિવ્યક્તિ સાથે સામ્ય ધરાવે છે. આધ્યાત્મિક વિચારકો અને અનુયાયીઓ શ્રી અરવિંદ અને શ્રી માતાજીનાં 'દર્શન'ની ભવ્યતાને સમજવા માટે સાવિત્રી એ મુખ્ય પ્રવેશદ્વાર છે એમ પ્રતિપાદિત કરે છે. આમ, સાવિત્રીના અભ્યાસ વિના શ્રી અરવિંદદર્શનની પૂર્ણ સમજ પ્રાપ્ત કરવી શક્ય નથી.

'સાવિત્રી પ્રવેશિકા' જે આપણને સાવિત્રી મહાકાવ્યના હાર્દમાં પ્રવેશ કરાવવા સર્જાયું છે તે એક વિશિષ્ટ અભીપ્સુના પ્રશ્નો અને પ્રખર અભ્યાસી, પ્રખંડ વ્યાખ્યાકાર અને સાવિત્રીના સફળ ભાવાનુવાદક શ્રી કિરીટભાઈ વચ્ચે થયેલા પ્રશ્નો-ઉત્તરોના સંવાદના પાયા પર રચાયું છે. આ એક નિમિત્ત હતું. શ્રી અર્જુન-શ્રીકૃષ્ણ સંવાદથી રચાયેલી ભગવદ્‌ગીતા અને ગાંધીજી તેમજ કોઈક પ્રશ્નકારના ઉત્તરોથી સર્જાયેલ "હિન્દ સ્વરાજ"



મને અહીં યાદ આવે છે. શ્રી કિરીટભાઈ શ્રી માતાજીના આશિષપ્રાપ્ત શ્રી અરવિંદ-શ્રી માતાજીનાં દર્શનના ઊંડા અભ્યાસી છે. તેઓ શ્રી 'પ્રભુઅર્પણ' માસિકના ૧૯૮૨ થી માનદ તંત્રી છે અને એ માસિકના માધ્યમ દ્વારા આપણને શ્રી અરવિંદ-શ્રી માતાજીની જ્ઞાનસુધાનું આચમન કરાવતા રહ્યા છે.

શ્રી અરવિંદે "સાવિત્રી"ની પ્રતીકરૂપ કથા દ્વારા પોતાની અનુભૂતિથી માતાજીની સાધના અને યમ-સાવિત્રી સંવાદ સમજાવ્યા છે. શ્રી અરવિંદના 'સાવિત્રી'ના કથાનકમાં ચાર પાત્રો છે. જે ચાર અર્થપૂર્ણ આત્મા છે. (૧) સત્યવાન-સાવિત્રીનો પતિ એક દિવ્ય સત્યને ધારણ કરનાર આત્મા છે. (૨) સાવિત્રી-સૂર્યપુત્રી સત્યની દેવી (૩) અશ્વપતિ-સાવિત્રીનો માનવ પિતા-તપસ્યાનો પતિ (૪) ધુત્મસેન-સત્યવાનનો પિતા-દિવ્યમન જેણે વિશ્વમાં આવીને દ્રષ્ટિ ગુમાવી છે એને એમ દિવ્ય રાજ્ય તથા પ્રકાશને ગુમાવી દીધા છે. શ્રી અરવિંદ સમજાવે છે તે પ્રમાણે આ પાત્રો કેવળ રૂપક નથી પરંતુ સજીવ અને સભાન શક્તિના અવતારો છે. આથી તેઓ એમની માનવ અવસ્થામાંથી દિવ્ય ચેતના અને અમર જીવન પ્રતિનો માર્ગ બતાવે છે. સમગ્ર સાવિત્રી કુલ ૧૨ પર્વ, ૪૯ સર્ગ અને ૨૭૭૮૬ પંક્તિઓમાં વિસ્તરેલું છે. આ મહાન ગ્રંથમાં માનવ જીવનને માર્ગદર્શન પ્રાપ્ત થાય તેવા ઘણાં મહત્ત્વના વિષયોનું ચિંતનાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે જેમાં આધ્યાત્મિક અનુભૂતિ, તપસ્યા, સાધના વગેરે પ્રકૃતિના રંગ અને ઋતુઓની વિશેષતાઓ પ્રેમ, અમરત્વ, મૃત્યુ, ઉત્ક્રાંતિ, ચેતના, આત્મા તથા ચેતનાનું આરોહણ અને અવરોહણ વગેરે સમજાવાયા છે. આ સમગ્ર પ્રતીકાત્મક કથાના માધ્યમ દ્વારા શ્રી અરવિંદની યોગસાધના અને પૂર્ણયોગની સાધનાનું સુરેખ નિરૂપણ કરવામાં આવ્યું છે.

શ્રી સાવિત્રી પ્રવેશિકામાંથી આપણા જીવનમાં અત્યંત ઉપયોગી માર્ગદર્શક થાય તેવાં ચિંતનના બે નમૂનાઓ.

૧. "Pain is the hammer of the Gods to break a dead resistance in the mortal's heart. His slow inertia as of living stone."

દુઃખનું મુખ્ય કાર્ય ચેતનાને જગાવવાનું છે. માનવસ્વરૂપોને અસ્તિત્વનાં ગહન સત્યો પ્રતિ જાગ્રત કરવામાં દુઃખ મહત્ત્વનો ભાગ ભજવે છે.

૨. "By light we live and to the light we go."

મૃત્યુનું સાચું સ્વરૂપ સમજાવતા શ્રી અરવિંદ સાવિત્રીના માધ્યમથી સમજાવે છે કે સર્વ રૂપો. આપણે બધાં પ્રકાશમાંથી આવ્યાં છીએ અને પાછાં એ પરમ પ્રકાશમાં જ પહોંચીશું.

આમ, માનવી અંધકારનું ફરજંદ નથી પરંતુ પ્રકાશનું પનોતું સંતાન છે એમ 'સાવિત્રી' સ્પષ્ટ કરે છે.

શ્રી અરવિંદ આપણને કેવું સરસ આશ્વાસન આપે છે : "We are sons of God must be even as he." આપણે પ્રભુનાં સંતાનો છે અને પ્રભુ જેવા જ આપણે થવાનું છે.

શ્રી કિરીટભાઈ કૃત પ્રવેશિકાનું એક વખતનું વાંચન પણ વાચકને સાવિત્રીના શબ્દામૃતનું આચમન અને અભ્યાસ કરવા પ્રેરશે એવી આશા છે. અત્યાર સુધી આટલી સરળ, રસપ્રદ શૈલીમાં ગુજરાતીમાં 'સાવિત્રી'નો પરિચય થયો નથી એવું મને લાગે છે. આમ, શ્રી અરવિંદનાં પૂર્ણયોગના સાધકો માટે જ નહિ, પરંતુ આધ્યાત્મિકતામાં રસ ધરાવતા સામાન્ય વાચક માટે પણ આ પ્રવેશિકા હાથપોથીની ગરજ સારશે એ નિશ્ચિત. અને વાચકને વધુ સહાયરૂપ થાય તે માટે લેખકે સાવિત્રી સંબંધિત મુખ્ય પુસ્તકોની યાદી આપેલી છે, જે અભ્યાસમાં ઉપયોગી થઈ શકે એમ છે.

—શ્રી દિલીપ શાહ



# ॥ અણીના સમયે સહાય ॥

અસિતગિરિસમં સ્યાત્ કજ્જલં સિંધુપાત્રે,
સુરતરુ શાખા લેખિની પત્ર મુર્વીમ્ ।
લિખતિ યદિ ગૃહીત્વા શારદા સર્વકાલં
તદપિ તવ ગુણાનામીશ પારં ન યાતિ ॥

ફક્ત છેલ્લા ત્રીસ વરસમાં બનેલા પૂ.'મા'-પ્રભુના કૃપાપ્રસંગોનું આલેખન કરવું હોય તો તે માટે ઉપરનો શ્લોક જ જવાબરૂપે પર્યાપ્ત છે. પૂ.'મા'-પ્રભુ તો કૃપાના સાગર છે. કૃપા વરસાવે જ છે. કૃપાનું કિરણ તો છે. બિંદુ તો છે જ નહિ કૃપાનો ધોધ જ સાધક પર વરસતો રહે છે ફક્ત દૃષ્ટિ જોઈએ. જો આલેખન કરવા બેસું તો એ વીતેલા ત્રીસેક વરસમાં ખરેખર તો ત્રણસોથી પણ વધુ પ્રસંગો હશે પણ આપણે તો અહીં આ સિંધુમાંથી 'બિંદુ'નું રસપાન કરીએ :—

તા.૩૧-૭-૯૮નો એ ગોઝારો દિવસ હતો, પ્રાતઃ સમયે કરદર્શન બાદ બહાર નીકળીને સ્નાનાદિથી નિવૃત્ત થઈને સૂર્યનારાયણને અર્ધ્ય પ્રદાન કરવા પોર્ચમાં નીકળ્યો તો સૂર્યનારાયણ તો સંતાકૂકડી રમતા હતા. આ જુલાઈ આખો મેઘાચ્છાદિત જ લગભગ રહ્યો એમાંય હમણાં તો વરસાદ રોજ ચાલુ જ રહે છે.

આજે રાજકોટ દર્દી સાથે ડાયાલીસીસ માટે જવાનો મારો વારો આવ્યો હતો. કેમકે મારા પુત્રવધૂની નાની બેબી પવિત્રા થોડી અસ્વસ્થ હતી. મારાં ધર્મપત્ની મંજુલાબેન ભોજાણી લગભગ બે વરસથી કીડનીના દર્દથી પીડાતા હતા. બંને કીડની ફેઈલ થયેલ હોવાથી બે બે દિવસે મોરબીથી રાજકોટ ડાયાલીસીસ કરાવવા (કૃત્રિમ રીતે લોહી શુદ્ધિકરણની પ્રક્રિયા) જવું પડતું હતું. ત્યાં પાંચ કલાક હોલ્ટ થાય. ડાયાલીસીસ માટે અમે ત્યાંના ટેકનિશિયન શ્રી કાંતિભાઈ લાઠીયાની સહાનુભૂતિથી બપોરની શીફટ કાયમ માટે પસંદ કરતા. જેથી

અમે જમીને સાડા દસ-અગિયારે મોરબીથી અમારી ગાડીમાં નીકળ્યા. નીકળતાં જ વરસાદ ધીમોધીમો ચાલુ હતો પણ એ તો પ્રકૃતિ તેનું કામ કરે આપણે આપણું કામ કરીએ. રાજકોટ પહોંચતાં લગભગ સવા કલાક થાય. મીતાણા(અર્ધો રસ્તો) પસાર કર્યા પછી વરસાદ સાથે પવનનું જોર વધ્યું અને અમારા રથના સારથિએ એ.સી. બંધ કર્યું અને વાઈપર ચાલુ કર્યા. ઠંડી પરચો બતાવતી હતી પણ દરદી પાસે ઓઢવાનું પૂરતું હતું.

લગભગ રતનપર (રણછોડદાસજી બાપુ આશ્રમ) સો ફૂટ દૂર હતું ત્યાં એકાએક સામેથી એક ધસમસતી મોટી ટ્રક આવી અને તેવી જ ઝડપે પસાર થઈ ગઈ—પણ એક જ સેકંડમાં અમારી સમીપથી પસાર થઈ ચૂકેલી ટ્રક અમારા જીવનના ઈતિહાસમાં એક અવિસ્મરણીય કૃપાપ્રસંગનું આલેખન કરતી ગઈ. ટ્રકના આગળના અમારી તરફના વ્હીલમાંથી છટકીને એક નાનો પત્થર અમારી ગાડીના બે વાઈપરની વચ્ચે કાચ સાથે ખૂબ જ જોરથી અથડાયો અને પરિણામ તો સ્પષ્ટ જ આવી ગયું. આખા કાચની તદ્દન નાની નાની કરચો અમારી આખી ગાડીમાં વેરાઈ ગઈ કાચ તૂટવાથી સામેથી આવતો જોરદાર વરસાદ બેશરમ બનીને ગાડી આખીને ઝડપથી ભીંજવવા લાગ્યો ડ્રાઈવર ઝડપથી નીચે ઉતરી આગળની સીટના કાચના ટૂકડા એકત્ર કરવા લાગી ગયો.

આવે વખતે હે વાચક મિત્રો શું કરવું ? મારી દશા તો ગીતાના પ્રથમ અધ્યાયના અર્જુનથી પણ બદતર બની ગઈ હું તો કિંકર્તવ્યવિમૂઢ બની ગયો. પણ જે પરિસ્થિતિ હતી તેમાંથી રસ્તો તો કાઢવો જ રહ્યો. તો સૌએ તરત જ પૂ.'મા'નું અંતરના અંતરતમથી સ્મરણ કર્યું. પ્રાર્થના ને પોકારની અસર પૂ.શ્રીના શબ્દો મુજબ જ 'ડાયરેક્ટ ડાયલીંગ' નીવડી ગઈ અને અમારી ગાડીના બ્રેક લાગ્યાની ત્રીસ સેંકડમાં બીજી નવી નકોર મારૂતિ આવીને અમારા રસ્તા પાસે પાર્ક કરેલી અમારી ગાડીની આગળ



એક બાજુ ગોઠવાઈ ગઈ. પૂ.'મા'ની ટેલીફોનસેવાની ઝડપ જોઈ ?

ખૂબ જ ઝડપથી તેમાંથી ઉતરેલો યુવાન મારા પગમાં પડી ગયો કહેવા લાગ્યો, ''મને ન ઓળખ્યો ?'' મારું નામ 'ભાવેશ કનકરાય શેઠ' હું તમારો જૂનો વિદ્યાર્થી અને હાલનો તમારા પુત્ર મનીષનો પરમ મિત્ર—આ લો મારી ગાડીની ચાવી-ચાલો માસીને મારી ગાડીમાં સૂવડાવી દો અને સમયસર ડાયાલીસીસ ચાલુ કરાવી દો. તેટલી જ ઝડપે યાત્રીઓ નવી ગાડીમાં ગોઠવાઈ ગયા ને અમારા પાયલોટે શેલ માર્યો ત્યાં જ ભાવેશ ભાઈ કહે. સાહેબ, ગાડીની બિલકુલ ચિંતા કરતા નહિ રાત્રે તમારી ગાડી આ ગ્લાસ રાજકોટથી ફીટ કરાવીને તમારા પૉર્ચમાં ઊભી હશે અને હું મારી ગાડી લઈ જઈશ. હાલ તો આ દર્દીનું જ કાર્ય કરો !

બાકી રહેલા ૧૪ કીલોમીટર કાપીને સમયસર સમર્પણ હોસ્પિટલે પહોંચ્યા તો ડો. પંડ્યા સાહેબનો સેવાભાવી કર્મચારી મોહન ખુરશી લઈને અમારી રાહ જ જોતો હતો તેમાં દર્દીને બેસાડીને મારો પાયલોટ અને મોહનભાઈ મળીને દર્દીને ફસ્ટ ફ્લોર ઉપર આવેલા ડાયાલીસીસ યુનીટમાં બેડ પર લઈ ગયા અને સમયસર ડાયાલીસીસ શરૂ થયું.

પ્રશ્ન : પત્થર સીધો જ અમારા એકાદના મસ્તક પર આવ્યો હોત તો ?

પ્રશ્ન : કાચનો એકાદ ટૂકડો પણ અમારી એકાદની આંખમાં આવ્યો હોત તો ?

પ્રશ્ન : પૂ.'મા'ની સહાયમાં વિલંબ થયો હોત તો ?

પૂ.'મા'ની કૃપા સિવાય કાંઈ કહેવાનું શેષ નથી રહેતું ઈતિ અલમ્ વિશેષ ક્યારેક !

**—શ્રી હરિભાઈ ભોજાણી(મોરબી)**

## ॥ પ્રભુ સાથે વાતો ॥

પૂ.'મા'ના 'સત્યપથ'ના નિવાસ દરમિયાન અધ્યાત્મ જગતનું ઘણું બધું જાણવા ને શીખવા મળ્યું.

આપણે ઘરમાં પ્રભુને દીવો-પૂજા-પાઠ આરતી કરીએ એટલે થાય કે કેવી સરસ આજે પૂજા થઈ !

પણ પ્રભુ સાથે વાત થઈ ? પ્રભુ સાથે વાતો થાય ? પૂ.'મા'ને પરમ પાવન 'સત્યપથ'માં પ્રભુ સાથે વાતો કરતાં મેં જોયાં છે. રાત્રે પૂ.'મા'એ સોંપેલાં કામ પતી જાય એટલે પૂ.'મા' કહે બહુ મોડું થયું. હવે આરામ કરો. અમે કહીએ 'મા' આપ પણ આરામ કરો. સાંભળતાં જ પૂ.'મા' હસી પડે. અમે થોડુંક લંબાવીએ અને વિચાર આવે કે પૂ.'મા' આરામ કરે છે કે નહિ ? પણ પૂ.'મા' તો માળા કરતાં કરતાં સતત આંટા મારતાં જ હોય. અને ઘણી વખત પૂ.'મા' પ્રભુના દિવ્ય સ્વરૂપ સામે ઊભા જ રહી જાય ! હાથમાં માળા ફરતી હોય પણ પૂ.'મા'નું ધ્યાન તો પ્રભુના સ્વરૂપમાં જ હોય કેટલાય સમય સુધી પૂ.'મા' પ્રભુ પાસે ઊભાં જ રહે અને એકીટશે પ્રભુને નિહાળ્યા જ કરે. અને એ પણ મધરાતે ! એનું રહસ્ય શું ?

હા. પૂ.શ્રીએ આકરાં તપ-વ્રત જપ કરીને પૂ.'મા'ને પ્રગટાવ્યાં અને એટલે જ પૂ.'મા' અને પ્રભુ અવતારકાર્ય વિશે જરૂર વાતો કરતાં હશે. અને આવું તો રોજ બનતું શું આ જ અધ્યાત્મજગતનું રહસ્ય હશે ?

**–શ્રી માલતીબેન(અમદાવાદ)**

★

## ॥ભક્તને સ્મરી તેનું સંકટ દૂર કર્યું ॥

પૂજ્ય શ્રી'મા'ના કૃપાપાત્ર અનુભવો ઘણાય છે અમુક તો એવા છે કે જેમ નરસિંહ મહેતાને ત્યાં કૃષ્ણ ભગવાને મામેરું ભરી લાજ રાખી હતી તેવા પ્રસંગો અમારાં જીવનમાં પણ પૂજ્ય'મા' એ પાર પાડ્યા છે.

જ્યારે મારો પુત્ર પ્રણવ બે વર્ષનો હતો ત્યારે બીમાર થઈ ગયો હતો. તેમાં એક દિવસ તબિયત વધારે બગડી ત્યારે ડૉક્ટરે દવાખાનામાં દાખલ કરવાનું કહ્યું અને ત્યાં તેને ઑક્સિજન આપવો પડ્યો હતો. તે સમયે અમે સતત 'મા'ને પ્રાર્થના કરતાં હતાં ત્યારે પૂજ્ય 'મા' હરિદ્વારમાં હતા. ત્યાં તેમને કૉન્ટેક્ટ થઈ શક્યો ન હતો. બીજે દિવસે બપોરે બે વાગ્યે સારું થતાં તેને બહારથી અપાતો ઑક્સિજન કાઢી લીધો હતો. ત્યારે ગાયત્રીબેન હરિદ્વારમાં હતાં તેને ફોન કર્યો હતો પરંતુ બે દિવસ પછી ફોન લાગ્યો હતો. ત્યારે પ્રણવની વાત કરી. ગાયત્રીએ કહ્યું કે કાલે જ પૂજ્ય 'મા'એ મને બપોરે ૧ થી ૨માં બોલાવી હતી. જેમાં ગાયત્રીને પૂજ્ય 'મા' એ પૂછ્યું પ્રણવ શું કરતો હશે ? ગાયત્રીએ કહ્યું 'મા' પ્રણવ વડોદરામાં છે. મારે જ્યોતિબેન સાથે વાત થઈ નથી તો પૂજ્ય 'મા'એ કહ્યું કે પ્રણવને યાદ કર્યો તો તેનું કંઈક મંગળ થવાનું હશે. જ્યારે પૂજ્ય 'મા' એ પ્રણવને યાદ કર્યો હતો ત્યારે તેનો ઑક્સિજન દૂર કરાયો હતો. પૂજ્ય 'મા'નો આભાર માનીએ તેટલો ઓછો છે. પૂ.'મા'ના શ્રીચરણોમાં કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી જ્યોતિબેન કાકા(વડોદરા)**

★

## ॥ મળતાં મળી ગઈ મંત્રદીક્ષા ॥

૨૦૦૭ની આ વાત છે. મારા છૂટાછેડા થવાના હતા. હું 'સ્વર્ગારોહણ' પૂજ્યશ્રી'મા' પાસે ગઈ, પૂજ્ય શ્રી'મા' એ કહેલું કે, 'મુંબઈ જાઓ અને માતાની સેવા કરો.' મેં કહ્યું કે 'મા', મુંબઈ જાઉં છું પણ મારી નોકરી લાંબો સમય ટકતી નથી છૂટી જાય છે તો પૂજ્ય શ્રી'મા' એ કહ્યું નોકરીની ચિંતા ના કરવી. એક નોકરી છૂટશે ત્યાં બીજી તૈયાર જ હશે. તારે ક્યારેય નોકરી શોધવી નહિ પડે, નોકરી સામે ચાલીને આવશે, પછી પૂજ્યશ્રી'મા'એ સ્લેટમાં મંત્ર લખીને કહ્યું કે તારે આ મંત્રના જપ કરવા. આ રીતે મને મારી આર્થિક સમસ્યાનું સમાધાન મળ્યું અને મંત્રદીક્ષા પણ મળી ગઈ. પછી પ્રણામ કરીને ઊઠતી વખતે મનોમન પ્રાર્થના કરી કે, 'હે પ્રભુ, આર્થિક મુશ્કેલીમાં હું ક્યારે

પણ ના મૂકાઉં એવી મારા ઉપર કૃપાદૃષ્ટિ રાખજો.'

આજે ચૌદ વરસ થયાં, આખી દુનિયામાં કોરોના પણ મારા ઉપર પૂજ્ય શ્રી 'મા'—પ્રભુની પરમ કૃપા છે.

મારું જીવન સરસ રીતે ચાલી રહ્યું છે. પૂ.શ્રી'મા' પ્રભુને પ્રણામ.

**—શ્રી કૌમુદિની મહેતા(મુંબઈ)**

★

## ॥ પ્રાર્થનાનો પ્રત્યુત્તર 'મા' આપે જ છે ॥

હું 'સ્વર્ગારોહણ' બે દિવસ માટે ગઈ હતી. પણ મારું મન સતત ચિંતા અનુભવતું હતું. આમ તો આપણે 'સ્વર્ગારોહણ' જઈએ ત્યારે આવું ન જ થવું જોઈએ પણ તો પણ એક માતાને પોતાની દીકરી માટે સારું ઘર મળે, સારો દીકરો મળે એવી ચિંતા રહેતી હોય. એ જોતાં મારી પણ એ જ અવસ્થા હતી. હું કલ્પવૃક્ષ સમી કુટિયાની પ્રદક્ષિણા કરતી હતી. અને પ્રદક્ષિણા કરતાં કરતાં ચોધાર આંસુ વહ્યે જતાં હતાં. અને હજુ ૧૧ પ્રદક્ષિણા પણ કરી નહિ હોય અને પૂજ્ય શ્રી 'મા'નાં દેવદૂત દિપુબેન મારી પાસે આવ્યા અને સંદેશો આપ્યો કે પૂજ્ય શ્રી 'મા' યાદ કરે છે. હું પૂજ્ય 'મા' પાસે ગઈ. મને પૂછ્યું કે તું રડતાં રડતાં ગોપીને માટે પ્રાર્થના કરતી હતી ? મેં કહ્યું હા, 'મા'. પૂ.'મા' કહે છે ચિંતા શા માટે કરે છે ? ગોપી માટે સારું પાત્ર રાહ જોઈ રહ્યું છે. ચિંતા ના કરીશ અને પછી થોડાક જ દિવસમાં ગોપી માટે એક સારા પાત્રની વાત આવી જે કેનેડાથી આવી હતી. તે ભાઈનું નામ ઉત્સવ હતું. અને પછી અમારાં જીવનમાં જાણે ઉત્સવની શરૂઆત થવા માંડી.

મને સમજાયું કે આપણે સતત પ્રાર્થના કરતાં રહેવું જોઈએ. 'ચિંતા કર્યા કરતાં ચિંતન કરવું જોઈએ.' જેને શરણે જઈએ તે આપણી સમગ્ર ચિંતા હરી લે છે. હે પૂજ્ય શ્રી 'મા' આપની પાસે શું માગવું એ પણ અમે જાણતા નથી. અમે આડીઅવળી માગણી કરીએ તો ક્ષમા કરશો ને સાચો રાહ ધરશો તેવી પ્રાર્થના.

**—શ્રી સોનલ કાકા(વડોદરા)**

★



## ॥ અમે અક્ષરદેહે ત્યાં આવી જ ગયાં છીએ ॥

૨૦૦૦માં પૂ.શ્રી'મા' પનામા પધારેલાં ત્યારે જ અમે ઘર લીધું હતું, જેથી મેં પૂ.શ્રી'મા'ને મારા ઘરે પધારવા વિનંતિ કરી. પૂ.શ્રી'મા' પ્રત્યક્ષ પધાર્યાં ન હતાં પણ એમણે સત્સંગ રખાવ્યો હતો. એક પત્ર મોકલ્યો જે મારા ઘરના મંદિરમાં બિરાજમાન છે. અને મારા મનમંદિરમાં પણ આજીવન સુધી સ્થાપિત રહેશે. એ પત્ર હતો. 'સંતપ્રેમી શકુબેન,

તમારો આગ્રહ 'મા'ને ઘરે પધરામણી કરાવવાનો છે. પરંતુ તે આ યાત્રામાં શક્ય નથી. જેમ ગંગાનદી ઘેરઘેર નથી જતી. જેને સ્નાન પાન કરવું હોય તે હરિદ્વાર જાય. તમારે તો સત્સંગની ગંગા શ્રી વસંતભાઈ ને શ્રી ગુલાબબેને કૃપા કરી પનામાની ધરતી ઉપર ઉતારી છે. ફક્ત ૭ કે ૧૦ મિનિટમાં તો તમે સત્સંગનો લાભ લઈ શકો છો. આ અક્ષરદેહે અમે ત્યાં જ આવી ગયા છીએ એમ માની લો. પંચમહાભૂતના નશ્વરદેહને ત્યાં પધરાવીને શું કરશો ? ભગવાન શિવ જ તમારા જીવનઘરમાં કાયમ પધરામણી કરે. તે જ તમારી રક્ષા કરે. તે તો તમારા ઘરમાં બેઠા જ છે. પ્રભુ તમારી શ્રદ્ધાભક્તિ, પ્રેમ આવાં જ અખંડ રાખે એવી પ્રાર્થના છે.'

**—શ્રી શકુંતલાબેન પટેલ(પનામા)**

★

## ॥ 'ટેવ દૂષણ નહિ ભૂષણ પણ બને' ॥

"દેવ મળ્યા મહાદેવ મળ્યા,
મને સમર્થ સદ્ગુરુ મળ્યા."

મારા જીવનમાં ઉપરોક્ત પંક્તિ યથાર્થ બની. પૂ.શ્રી'મા-પ્રભુ' અમારા જીવનમાં આવ્યાં અમારું તેમજ અમારાં બાળકોનું ખૂબ જ સારી રીતે જતન કર્યું. મારાં બંને બાળકો-તન્મય અને ક્ષમા-નાનપણથી જ 'સ્વર્ગારોહણ' આવતાં રહ્યાં. તેના ફળસ્વરૂપે તેમનામાં પૂ.'મા'-પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બનતી રહી. તેમના જીવનમાં પૂ.'મા' તેમના મિત્ર પથદર્શક અને

રક્ષાકવચ બની રહ્યાં.

એકવાર ચિ.તન્મય ફૂલવાડી કાર્યક્રમમાં આવ્યો ત્યારે મેં સહજ રીતે પૂ.'મા'ને કહ્યું કે 'મા' તન્મયને ટી.વી. જોવાની બહુ ટેવ છે તો પૂ.'મા' કહે કે કશો વાંધો નહિ. મોટો થઈને 'કમ્પ્યૂટર માસ્ટર બનશે.' આ વાક્ય એકદમ સત્ય બની ગયું. વર્ષો પહેલાંની વાત કેવી યથાર્થ બની રહી ! પૂ.'મા-પ્રભુ'ની પૂર્ણ કૃપાથી ખરેખર ચિ.તન્મય તેના કમ્પ્યુટરના ક્ષેત્રમાં સિદ્ધિનાં શિખરો સર કરી રહ્યો છે. હે 'મા' કૃપા વરસાવતાં રહેજો, સાથે રહેજો, રક્ષા કરજો. સંનિધિનું સુખ ધરતાં રહેજો. અમારા દંડવત્ પ્રણામ !

**–શ્રી નીલાબેન કોટક(અમદાવાદ)**

★

## ॥ સરળ 'મા'નો સહજ પ્રેમ ॥

પૂજ્ય શ્રી'મા'ની સરળતા અને સહજતા આકર્ષક છે. એકવાર પૂ.'મા' મુંબઈ પધારેલાં હતાં. સૌ ભક્તો સાથે 'મા'એ વજ્રેશ્વરી ને ગણેશપુરી જવાનું નક્કી કર્યું. ભક્તો માટે બસની વ્યવસ્થા થઈ હતી. હું દુઃખી હતી, કારણ એ દિવસે મારી છેલ્લી પરીક્ષા હતી. એટલે હું સ્કૂલમાંથી રજા ના લઈ શકું. અને બસ સવારે વહેલી નીકળવાની હતી. 'મા'એ પપ્પા જોડે સંદેશો મોકલ્યો કે 'મા' બીજલની પરીક્ષા પતે પછી જ એને સાથે લઈને જ આવશે. મેં કોઈ પ્રાર્થના પણ કરી ન હતી પણ મનમાં જવાનો ભાવ હતો. 'મા'એ મારા મનનો ભાવ જાણી લીધો !

પૂ.'મા' જે ગાડીમાં જવાનાં હતાં એની આગળની સીટ પર મોટા પપ્પા(મધુભાઈ), મોટી મમ્મી(નીલાબેન) બેઠાં હતાં. ને 'મા'-પ્રભુ પાછળની સીટ પર હતાં.

'મા' એ પલાંઠીવાળી દીધી ને મને વચ્ચેની જગ્યામાં બેસાડી દીધી. જેવી કાર ચાલુ થઈ એવો એક થેલીમાં મારા માટે અલગ રાખેલો નાસ્તો મારા હાથમાં આપી દીધો ને કહે; 'ખાઈ લે. સ્કૂલેથી સીધી આવી છે તો ભૂખ તો લાગી હશે.'

આવાં આપણાં સરળ, અતિ પ્રેમાળ અને સર્વજ્ઞ 'મા'ના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી બીજલ ભટ્ટ(મુંબઈ)**

★



## ॥ મારી નિત્ય આરતીમાં સોહતાં 'મા' ॥

પૂ.'મા'ની આંખોમાં જે પ્રસન્નતા, આનંદ અને શાંતિ જોવા મળે છે. તેવાં આનંદ અને શાંતિ બીજે ક્યાંય અનુભવવા મળતાં નથી.

પૂ.'મા' અને પ્રભુ મને ક્યારેય પણ જુદા લાગ્યા નથી. બન્ને એક જ છે. આજે આ વાતને લગભગ ૯ થી ૧૦ વરસ થઈ ગયા. મેં પૂ.'મા'ને જોયાં પણ ન હતાં. પૂરાં ઓળખતી પણ ન હતી. ફક્ત 'પ્રકાશને પંથે' સદ્ગ્રંથમાં તેમનો પરિચય થયો. અને તેઓશ્રીનું સ્વરૂપ જોયું. અને બીજા દિવસથી જ 'મા' મારી નિત્ય આરતીમાં આવી ગયાં છે ! હું જરા પણ અંધશ્રદ્ધાળુ નથી. એમ જલ્દી કોઈને માનું પણ નહિ.

રોજ મંદિરમાં બધા દેવની આરતી કરું ત્યારે છેલ્લે અંબાજીમાં જે 'મા' માટે ચુંદડી તેમજ કવર લઈ ગયેલા તે, 'મા' જગદંબાનું યંત્રસ્વરૂપ અને મારાં મમ્મી, બધાનાં મુખ મારી નજર સમક્ષ આરતીમાં આવી જાય. તે પ્રમાણે ફોટો જોયા પછી 'મા' શ્રી સર્વેશ્વરી દેવીનું મુખ મારી નિત્ય આરતીમાં આવી ગયું !

મારી પાત્રતા હોય કે ન હોય, પણ 'મા' તમે મારી નિત્ય આરતીમાં હંમેશાં માટે આવી ગયાં છો. તે મારું પરમ સૌભાગ્ય છે. પૂ.'મા'ની મારા ઉપર વિશેષ કૃપા છે તેમ હું માનું છું.

**–શ્રી અંજનાબેન અમીન(વલ્લભવિદ્યાનગર)**

★

## ॥ પૂ.શ્રી'મા'નો પત્ર : દીવાદાંડીરૂપ ॥

'તું ધારે તેવું આ જગત નથી તારા પવિત્રપ્રેમને વધાવનારા મળે એ રીતે તારા પવિત્રપ્રેમને તિરસ્કારનારા પણ મળે.

ત્યારે યાદ રાખજો વધાવનારા મળે ત્યાંથી પણ સાવધાન રહેવાનું છે અને તિરસ્કારનારા મળે ત્યારે વૈરાગ્યશતકનાં શ્લોકો યાદ કરી આપણાં મંગલ માટે પ્રભુની આ પ્રસાદી છે એમ માની સમજપૂર્વક શાંત રહેવાનું છે.

તટસ્થ રહીને જ્યાં જ્યાં જે જે જરૂરી તે તે અભિનય કરતાં કરતાં આ સંસારવનનાં કાંટા, ઝાડી ને ડાળખાંથી મૌન રહી સતત પ્રાર્થના વડે રક્ષાયેલાં રહેવાનું છે.

આગ લાગશે કે ભરતી-ઓટ આવશે પણ 'રક્ષમામ્'ના મંત્રથી જાગ્રત રહીને એ કાંટાળી કેડી ઉપર પગલાં ભરતાં રહેવાનું છે.

હતાશ થઈને દૂર ભાગવાનું નથી જે જે પરિસ્થિતિ મળે તેમાંથી સારતત્ત્વ શોધીને આપણા જીવનઘડતર માટે જ પ્રભુએ આ પ્રસંગ મોકલ્યો છે એવી સમજ કેળવી, ધીરજ રાખી પાર કરવાનો છે.' —'મા'.

**—શ્રી સ્તુતિ વીરપરીયા(રાજકોટ)**

★

## ॥ પૂ.શ્રી 'મા'ની અસીમ કૃપા ॥

જેમ અગણિત શ્વાસો જિંદગી આપે છે તેમ પૂજ્ય'મા' એ અગણિત કૃપાઓનો વરસાદ મારા જીવનમાં વરસાવ્યો છે.

મને એક એવી જ પળ યાદ આવે છે. ઑક્ટોબર ૨૦૦૯માં જ્યારે મારી વર્તમાન કંપનીને બીજી કંપનીએ વેચાતી લઈ લીધી જેને લીધે અમારે નોકરીમાં ચાલુ રહેવાની તક બહુ જ ઘટી ગઈ અને તાકીદ કરવામાં આવી કે નવું કામ(Project) શોધો કે બીજી કંપનીમાં જોડાઈ જાવ.

આ તાકીદને મેં જોકે ગંભીરતાથી લીધી નહિ. આ જ સમયે મને પૂજ્ય'મા'ની સંનિધિ મળી. પોકોનોક્સમાં થતી વનવિશ્રામ શિબિરમાં ભાગ લેવાનું મને સૌભાગ્ય મળ્યું. આપણે બધાંએ હંમેશાં જાણ્યું છે કે નબળા અને અસહાય લોકોની વહારે પૂજ્ય'મા' હંમેશાં જાય છે. હું પણ એવો જ અસહાય બાળક હતો જેને તેની આવનારી મુશ્કેલીઓની કલ્પના જ ન હતી. પૂજ્ય'મા'ની(સંનિધિમાં) વિતાવેલી એ પરમસુખમય ક્ષણો હતી. એ પૂજ્ય'મા'ની જ સૂક્ષ્મ પ્રેરણા હતી કે જેને લીધે મારા મિત્રોએ બીજી કંપનીમાં કામની તક જોવાનું શરૂ કર્યું. થોડા દિવસ પછી મને બીજી કંપનીમાં અરજી કરવાની તક મળી અને ફોન પર મારો ઈન્ટરવ્યૂ લેવાયો. આંતરિક કારણોને લીધે બે ઈન્ટરવ્યૂ થયા પછી તેમણે મને ના પાડી. કંપનીના નિયમ મુજબ હવે ત્રીજી વાર મારો ઈન્ટરવ્યૂ ના થાય. એ પૂજ્ય 'મા' જ હતાં જેમને કારણે મને એ જ કંપનીમાં ત્રીજી વાર ઈન્ટરવ્યૂનો મોકો મળ્યો. પૂજ્ય'મા'ના દિવ્ય સાન્નિધ્યમાં હોવાને કારણે હું એકદમ



શાંતિ અનુભવતો હતો અને ચિંતામુક્ત હતો. ત્રીજા ઈન્ટરવ્યૂમાં મને પસંદ કરવામાં આવ્યો.

મારા કુટુંબ પર કે મારી ઉપર આવનારી વિકટ પરિસ્થિતિમાંથી હું તદ્દન અજાણ-અજ્ઞાત હતો. પણ સર્વજ્ઞાતા પૂજ્ય'મા'એ એમની કૃપા વરસાવી મને આ તક આપી. કામના શરૂઆતના ત્રણ મહિના ઘણા વિકટ હતા. મારી સાથે કામ કરનારા મારા સહકર્મીઓમાંથી કેટલાકે મને કામ પરથી કાઢી કાઢવા ઘણા પ્રયત્નો કર્યા. પૂજ્ય'મા' ફરીથી મારી વહારે આવ્યા અને વિઘ્નસંતોષી લોકો છેતરપીંડીના કેસમાં પકડાયા અને તેઓને કંપનીમાંથી કાઢી નંખાયા.

એ પરમકૃપાળુ પ્રેમરૂપા પૂજ્ય'મા'નાં પાવન-પુનિત ચરણોમાં હું રહી શકું એટલી જ પ્રાર્થના છે.

**—અનામી**

★

## ॥ સર્વત્ર પરમાત્મ-દર્શન ॥

પૂ.'મા' બાળકો સાથે હળવી રમૂજ કરી રહ્યાં હતાં. ત્યાં અચાનક સત્યમે પૂ.'મા'ને પૂછ્યું, 'મા', તમે નાનકડા હતાં ત્યારથી ભગવાન હતાં કે મોટાં થયાં ત્યારે ભગવાન બન્યાં ? પૂ.'મા' હસતાં હસતાં કહે તમે સૌ ભગવાન જ છો ને ! પણ તે ભગવાનની આગળ એક પડદો છે, તે પડદાને કારણે ભગવાન પોતાને સત્યમ્ કહે છે. પછી પૂ.'મા' કહે, 'મમ્મા પણ ભગવાન છે. શાશ્વત પણ ભગવાન અને મિત્રો પણ ભગવાન જ છે. પણ આપણે આ પડદાને કારણે તેમને મમ્મા, શાશ્વત અને મિત્રો વગેરે કહીએ છે. પૂ.'મા'એ બાળકોને સમજાય તે રીતે સૌ કોઈ ભગવાન જ છે, સૌ પ્રભુનાં જ સ્વરૂપ છે એવું પૂ.'મા'નું દર્શન છે તે પોતાની વાણી દ્વારા સરળ રીતે વ્યક્ત કર્યું : સૌ ભગવાન જ છે, એવું કહીને સ્વયં પોતે પણ ભગવદ્સ્વરૂપ છે એવો ઈશારો પણ કરી જ દીધો. આપના પરમ ભગવદ્ સ્વરૂપને અનંત કોટિ પ્રણામ'.

**—શ્રી પૂર્ણિમાબેન પટેલ(વડોદરા)**